શ્રી

જ્ઞાન માળા

અથવા

શિક્ષા માળા તથા મણિરત્નમાળા.



છપાવી પ્રસિદ્ધ કરનાર
મચાડી. માધવજી પ્રેમજી.

અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.

સંવત ૧૯૪૭ — સન ૧૮૯૧

શ્રીકૃષ્ણજી અને અર્જુનના સંવાદરૂપી.

શ્રી જ્ઞાનમાળા.

અથવા.

શિક્ષામાળા.

૪૭૨૧

એક દિવસે પરીક્ષિત રાજા રાજ્યસભા ભરીને બેઠા હતા ત્યાં શ્રી વ્યાસજીના પુત્ર શ્રી શુકદેવજી પધાર્યા; તે જોઇને રાજા પરિક્ષિત આસન ઉપરથી ઉભા થઇ રૂષીના ચર્ણારવિંદમાં પડી સાષ્ટાંગ દંડવત કરી બહુ આદર સત્કારસહીત પોતાના સુંદર ભુવનમાં લઇ જઈ રત્નજડીત સિંહાસન ઉપર બેસાડી ચર્ણારવિંદ ધોઇને ચર્ણોદક લીધું. પછી વિધીપૂર્વક પૂજન કરીને નાનાપ્રકારનાં ભોજન કરાવ્યાં, તેથી શ્રી શુકદેવજીએ પ્રસન્નતાસહિત રાજા પરિક્ષીતની ભક્તિનાં બહુ વખાણ કર્યાં, ત્યારે રાજાએ બે હાથ જોડી વિનંતી કરી કે હે કૃપાસિંધુ ભવભયભંજન ભગવાના આપની અતી કૃપાવડે સદા વેદ તથા પુરાણ સાંભળવાથી મારૂં હૃદય અતિ પ્રફુલ્લીતથી પ્રકાશ પામ્યું છે; પરંતુ હવે મારા મનમાં સંદેહ ઉત્પન્ન થયોછે કે સંસારમાં ઉંચ તથા નીચ એ બે કર્મ છે; તે કૃપા કરીને આ બે કર્મના ભેદ પૃથક પૃથક મને કહો અને મારા મનની શંકાઓનું નીવારણ કરો.

રાજાનો આ પ્રશ્ન સાંભળીને, શ્રી શુકદેવજીએ પ્રસન્ન થઇને આજ્ઞા કરી કે હે રાજા! તારા પ્રશ્નથી સંસારી મનુષ્યોને મોટો લાભ છે. અને જે સંદેહ તારા મનમાં ઉપજ્યોછે; તેજ સંદેહ એક વખત અર્જુનના મનમાં પણ ઉત્પન્ન થયો હતો, તેજ સંદેહનો ઉત્તર જેવી રીતે શ્રીકૃષ્ણજીએ આપ્યો હતો, તેજ હું તારા આગળ કહુંછું તે મન દઇને સાંભળ.

એક દીવસ પ્રાતઃકાળમાં શ્રીકૃષ્ણજી ફરતા ફરતા અર્જુનના મુકામપર પધાર્યા, ત્યાં ખબર મળી કે અર્જુન સૂતો છે. આ વાત સાંભળી શ્રીકૃષ્ણજી આશ્ચર્ય પામ્યા. આવે વખતે સ્વપ્નમાં અર્જુને પણ શ્રીકૃષ્ણને જોયા કે તુરત જાગી ઉઠયા, એવામાં સેવકોએ આવીને કહ્યું કે હે પૃથ્વીપતી! આપણે ઘેર શ્રીકૃષ્ણજી પધાર્યા છે, આ સાંભળીને અર્જુન એકદમ દોડી શ્રી કૃષ્ણજીના ચર્ણારવિંદમાં પડયા, અને દંડવત કરી, સ્થીર થઈ, વિનંતી કરી કે હે સચ્ચીદાનંદ જગદીશ! આ અપરાધ મારાથી અજાણતાં થયોછે, તો આપ કૃપા કરી ક્ષમા કરશો. આ સાંભળી શ્રીકૃષ્ણજીએ અર્જુનને કહ્યું કે હે અર્જુન! તું મહા બુદ્ધીમાન અને જ્ઞાનીછે, તેથી તું આ વખતે સ્વપ્ન અવસ્થામાં મને જોઇને બહુ સોચ કરેછે, કેમકે મનુષ્યદેહ ઘણી મુસ્કેલાઈથી પ્રાપ્ત થાયછે, તેથી કરીને આ મનુષ્ય દેહછે, એવું જાણીને આવે વખતે બુદ્ધીમાન પુરૂષને સુવું ઉચીત નથી.

શ્રીકૃષ્ણનો આવો લાભકારક ઉપદેશ સાંભળી અર્જુને હાથ જોડી વિનંતી કરી કે હે દીનબંધુ! દીનાનાથ આપ પરમકૃપાળુ છો તેથી આપના દાસથી જે અજાણપણે અપરાધ થયો છે તે કૃપાદ્રષ્ટિથી નીહાળી ક્ષમા કરી બીજા જે ઉપદેશો કે જે મનુષ્ય દેહધારીઓને હીતકારી છે તેનું જ્ઞાન થવા માટે સેવકને આજ્ઞા કરો. કે કયા કયા અહિતકારી કર્મનો ત્યાગ કરવો જરૂરનો છે. ત્યારે શ્રીકૃષ્ણજીએ ઉત્તર આપ્યો કે હે અર્જુન! તું મારો પરમભક્ત છે અને તેથીજ હું તને મારો મીત્ર જાણીને જે જે ગુપ્ત ઉપદેશો કે જે જે દેવતાઓ પણ જાણી શકતા નથી તે હું આજ તારી પાસે કહુંછું તે ચીત રાખીને સાંભળ. આ અમુલ્ય ઉપદેશો તું અથવા બીજા મનુષ્ય દેહધારીઓ સાંભળીને અંગીકાર કરશે તો તે પાપના બંધનથી મુક્તિ પામશે અને અંતકાળે સ્વર્ગમાં જઈ નીવાસ કરશે.

શિક્ષા ૧લી—હે અર્જુન! પ્રાતઃકાલે જે વખત સૂર્યઉદય થાયછે,

તે વખત મનુષ્યને સુવું ઉચીત નથી. કેમકે રાત્રીના ચોથા પોહોરમાં સૂર્યને તથા દૈત્યને યુદ્ધ થાયછે, તેમાં એંશી હજાર દૈત્યને મારી સૂર્ય ઉદય પામે છે અને દૈત્ય જીવ પાછા સજીવન થાયછે, એટલામાટે મનુષ્યોએ વિચારવું જોઇએ કે બે ઘડી વેહેલા ઉઠી પરમદયાળુ પરમેશ્વરના ધ્યાનમાં મન લગાવી ભજનાનંદમાં મગ્ન રહેવું. અને સુર્યઉદય થાય ત્યારે સ્નાન કરીને શ્રીસૂર્યનારાયણને જલ અર્પણ કરી દંડવત કરવા અને પીતૃદેવતાને પણ જલ અર્પણ કરવું. તેથી સૂર્ય દેવતા તથા પીતૃ દેવતા બળવાન થઇ પ્રસન્નતાથી આશિશ આપે છે. માટે જે મનુષ્ય આ વિધીનો અંગીકાર કરશે તે આ લોક તથા પરલોકના સુખોનો ભોગી થશે.

શિક્ષા ૨ જી—હે અર્જુન ! ચાર પાયાના બીછાના ઉપર પોતાની સ્ત્રી શિવાય બીજા કોઇની સાથે સુવું નહીં. કેમકે પોતાની સ્ત્રીતો અર્ધાંગી (પાપ તથા પુણ્યની સાથી) છે. આ સાંભળી અર્જુને હાથ જોડી પ્રશ્ન કર્યો કે હે કૃપાળુ કરૂણાનિધાન ! જે કોઈ અતિથી આપણે ઘેર આવે અને તેની સાથે બીછાનું ન હોય ત્યારે શું કરવું ઉચીત છે? શ્રીકૃષ્ણજીએ કહ્યું કે આવનાર મનુષ્યે પોતાનું વસ્ત્ર પોતાના અંગ સમાન બીછાવેલા બીછાના ઉપર પાથરીને સુઇ રહે તો દોશ નહી.

શિક્ષા ૩ જી—હે અર્જુન! વિધવા સ્ત્રીના હાથની રસોઇ જમવાંમાં ઘણો દોષછે કેમકે જે સ્ત્રીનો ધણી મરી જાય છે તે સ્ત્રી અરધા જળેલા મુર્દાની માફક થઇ જાય છે એટલા માટે તેના હાથની રસોઈ જમવાથી બહુ પાપ છે. અને અંતકાળે મુક્તિ મળતી નથી.

શિક્ષા ૪થી—હે અર્જુન ! સંધ્યા વખતે જે મનુષ્ય ઘરના આંગણામાંથી ઝાડુ કાઢે તે નક્કી દરીદ્રિ થાયછે. કેમકે આ વખતે લક્ષ્મીજી ઘર ઘરમાં ગમન કરેછે તેથી જેના હાથમાં લક્ષ્મીજી ઝાડુ દેખેછે તે ઘરમાં ગમન નહિ કરતાં તેને શ્રાપ આપેછે. અને તેના ઘરમાં ફરીથી

કોઇ વખત ગમન કરતાં નથી.

શિક્ષા ૫ મી—હે અર્જુન! જે મનુષ્ય એકાદશી વગેરે વ્રત ધારણ કરી સ્ત્રીનો સંગ કરે તો તે વ્રતનું ફળ મળતું નથી. આ સાંભળી અરજુને હાથ જોડી પ્રશ્ન કર્યો કે હે સચ્ચીદાનંદ આનંદરૂપ હે વિશ્વબ્હેમ વિદારણ જગતાત! વ્રતના દીવસ જે સ્ત્રી રજસ્વલાના દોષથી મુકત થઇ સ્નાન કરેછે ત્યારે પુરૂષ તેનો સંગ ન કરે તો પાતકી થાય અને સંગ કરે તો વ્રત નિષ્ફલ થાય ત્યારે તેનું કેમ કરવું! આ પ્રશ્નના જવાબમાં શ્રીકૃષ્ણજીએ કહ્યું કે અરધી રાત ગયા પછી સંગ કરે તો દોષ નથી કેમકે રાત્રીના પાછલા બેપોહોર આગલા દીવસની ગણત્રીમાં આવે છે. તેથી દોષ લાગતો નથી.

શિક્ષા ૬ઠ્ઠી—હે અરજુન! આગલી રાત્રીએ દીવાની વાટ પેટેલી રહી હોય તેની તે પાછી બીજે દીવસે પેટાવે તો તેમાં મહાપાપ છે. આવા પાપથી તે માણસની સ્ત્રી ઘણા કાળસુધી વાંઝણી રહેછે. આ શિક્ષા સાંભળી અરજુને શ્રીકૃષ્ણ ભગવાનને વીનંતી કરી કે હે અનાથનાનાથ દયાસિંધુ વાસુદેવ! આપે જે શિક્ષા કહી તે સાંભળવાથી દાસના મનમાં અતી આનંદ થયો છે. કૃપા કરીને બીજી કોઇ આગ્ના કરો.

શિક્ષા ૭મી—હે અરજુન! સૂર્યનારાયણના સન્મુખ રહિને દાતણ તથા કોગળા કરવા નહિ તેમ અગ્નિ અને જળમાં પણ કોગળા કરવા નહિ કેમકે તેમ કર્યાથી અંતકાળે નર્કમાં જાવું પડેછે. કેમકે દેવતાઓમાં આ ત્રણે દેવતાઓ મોટા મનાયછે. તેથી જે મનુષ્ય આ ત્રણે દેવતાઓનું પ્રીતીથી પુજન કરે તો તેને યગ્ન કર્યાનું ફળ પ્રાપ્ત થાયછે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે ઘનસ્યામ ચત્રુભુજ સ્વરૂપ! એ ત્રણે દેવતાઓનું પુજન કઇ વીધીથી હમેશાં કરવું જોઇએ, તે કૃપાકરીને કહો. શ્રીકૃષ્ણજીએ કહ્યું—કે આદીતવારે સૂર્યનારાયણનું વ્રત ધારણ કરવું, અને વ્રત ન રાખી

શકે તો તે દિવસે ફળ આહાર કરવો પણ અનાજ ખાવું નહીં. હવે અગ્ની દેવતાની પુજાની વીધી કહુંછું. પ્રાતઃકાળે સ્નાન કરીને પોતાના ઇષ્ટ દેવતાનું ધ્યાન ધરી ઘી, સાકર, તલ, જવ આદી સામગ્રીથી અગ્ની દેવનું પુજન કરવું અને જો આ રીતે ન થઇ શકે તો રસોઈ તઇયાર થાય ત્યારે રસોઇની બધી સામગ્રીથી પુજન કરવું. હવે જળ દેવતાની પુજાની વીધી કહુંછું તે સાંભળો. પ્રાતઃકાળે સ્નાન કરી કુવા અથવા તળાવ ઉપર જઇ દુધ તથા ચંદન ચોખા પુષ્પ ચડાવીને નૈવેદ્ય અર્પણ કરવું. જે મનુષ્ય આ રીતે ત્રણે દેવતાઓનું પુજન પ્રતિદીન કરે તો તેના આશીરવાદથી આ લોકમાં ધન સંતાન અને પરલોકમાં વઇકુંઠવાસ પામે.

શિક્ષા ૮ મી—હે અરજુન! જે મનુષ્ય બળતા દિવાને જાપટ મારી બુજાવે છે અથવા દિવાથી દિવો લગાડી પેટાવે છે તે મહાપાતકી થાયછે.

શિક્ષા ૯ મી—હે અર્જુન! જે મનુષ્ય વ્રત ધારણ કરી ખાટલા ઉપર સૂવેછે તો તેનું વ્રત નિષ્ફળ થાયછે. કારણ કે જે દેવતાનું વ્રત ધારણ કરે તે દેવતા વૃતને દિવસે વ્રતવાલા મનુષ્યના અંગમાં પ્રવેશ કરેછે. તેથી વ્રતવાળાએ પૃથ્વી ઉપર સુઇ રહિ સ્ત્રીથી અલગ રહેવું આમ કર્યાથી દેવતા પ્રસન્ન થઇને આશિરવાદ આપેછે. અને વ્રત ફળદાયક થાય છે.

શિક્ષા ૧૦ મી—હે અર્જુન! વૃત રાખ્યું હોય તે દીવસે પોતાનું એઠું (જુઠણ) કોઇને કાંઈપણ આપવું નહીં. કેમકે તે ખાનાર મનુષ્ય વૃતનું અર્ધું ફળ લઇ લે છે.

શિક્ષા ૧૧ મી—હે અર્જુન! જે મનુષ્ય રસોઈની બધી સામગ્રી બરાબર તૈયાર થયા પહેલાં અથવા અગ્ની દેવને જમાડયા અગાઉ જલદી કરીને જમવા બેસી જાય અને જ્યાં સુધી રસોઇની સર્વ ચીજો તૈયાર થઈ ન હોય અને અગ્નીદેવને જમાડયા અગાઉ રસોડામાંથી બીજાને અગ્ની આપે અને રસોઈની સામગ્રીને પાત્રવિના પૃથ્વીપર

મૂકે તો આ ત્રણે પાપથી મનુષ્ય સદા દરીદ્રી અવસ્થામાં રહે માટે મનુષ્યે અવશ્ય જાણવું જોઇએ કે જ્યારે રસોઈની સર્વ સામગ્રી તઇયાર થાય ત્યારે સ્વચ્છતાથી અગ્ની સન્મુખ પાટલા ઉપર બેસીને પુરણબ્રહ્મ પરમદયાળુ પરમેશ્વરને તૈયાર થએલી રસોઇની સામગ્રી ધરવી અને અન્ન દેવને નમસ્કાર કરવા અને અભ્યાગતને રસોઇની સર્વ સામગ્રીથી ભોજન કરાવવું. જો તે ગરીબ અવસ્થાને લીધે બની શકે નહિ તો થોડી થોડી સર્વ ચીજો અભ્યાગત નીમત અર્પણ કરવી અને પછી જમવું. એ પ્રમાણે જે મનુષ્ય કરશે તે મહાપુણ્યના પ્રતાપથી અગ્ની દેવ તથા અન્ન દેવતાનો આશિરવાદ પામીને સદા સુખી રહેશે.

શિક્ષા ૧૨ મી—હે અર્જુન ! જે માણસ ત્રાંબાના વાસણમાં પાણી ભરીને કુદરતી હાજતે (ઝાડે જંગળ) લઇ જઇ અજીઠ કરે તો તે મનુષ્ય અંતકાળે નર્કનો અધિકારી થાય. કેમકે સર્વે ધાતુઓમાં ત્રાંબુ અતિ પવિત્રછે એટલા માટે ત્રાંબાના વાસણથી સ્નાન કરનાર મનુષ્યને ગંગા સ્નાન સરખું પુણ્ય થાય છે અને પોતાના પીતૃદેવતાને ત્રાંબાના વાસણમાં ભોજન અથવા જળ અર્પણ કરે તો તે પણ મોટું પુણ્ય ગણાયછે.

શિક્ષા ૧૩ મી—હે અર્જુન ! જે માણસ બ્રહ્મહત્યા તથા પરસ્રીનો સંગ કરે તો તેને હજાર વર્ષપર્યંત નર્કમાં વાસ કરવો પડે છે. કદાચ પરસ્રીનો સંગ કરવાથી જો વીર્યનું બીંદુ પડી તેમાંથી પુત્ર ઉત્પન્ન થાય તો પોતાના સારા કર્મોથકી જે સ્વર્ગની પ્રાપ્તી થાય છે તે ન થતાં ઊલટું નર્કમાં જવું પડેછે એટલુંજ નહી પણ પોતાના પીતૃદેવતાઓ કે જે પોતાની સારી કરણીથી સ્વર્ગ પામ્યા હશે તે પણ નર્કમાં જઇને પડેછે. અને શ્રાધ તર્પણથી સદા વીમુખ રહે છે તેથી આ પાપ બધા પાપો કરતાં મોટું ગણાયછે.

શિક્ષા ૧૪ મી—હે અર્જુન ! જે મનુષ્ય સ્રીનો સંગ કરી સ્નાન

નહી કરતાં અપવિત્ર રહેછે તે અંતકાળે નર્ક વાસમાં દારૂણ દુઃખ ભોગવે છે કેમકે એવા અપવિત્ર માણસનાં પગલાં પૃથ્વિપર મુકવા સરખાને પોતાના પીત્રુના પંડપર મુકવા સરખાં ગણાય છે.

શિક્ષા ૧૫ મી—હે અર્જુન! અમાવાસ્યાને દીને જે મનુષ્ય ઝાડનાં પાંદડાં તથા ડાંખરાં તોડે છે તેને બ્રહ્મહત્યાનું પાપ વળગે છે. એટલા માટે ને દીવશે દાતણ પણ કરવું ઉચીત નથી કેમકે તે પણ એક ઝાડનું ડાંખરૂ કહેવાય છે.

શિક્ષા ૧૬ મી—હે અર્જુન! કોઇ અભ્યાગત સાધુ અથવા મુસાફર માણસની યાચનાનો જે માણસ અનાદર કરે તો તે માહા પાતકી થાય છે. માટે મનુષ્યને ઉચીત છે કે પોતાની શકિત મુજબ કાંઇ પણ આપી તેને સંતોષવો અને જો આપવાની શકિત નહી હોય તો તેને નમૃતાથી કોઈ પુણ્યવાન ગ્રહસ્થનું સ્થાનક દેખડાવી આપવું એ સર્વ દાનથી પણ શ્રેષ્ટ દાન ગણાય છે.

શિક્ષા ૧૭ મી—હે અર્જુન! જે મનુષ્ય પોતાના ઘરમાં તુટેલો ખાટલો તથા ફુટેલા વાસણો રાખે તો તે અવસ્ય દરીદ્રી થાય.

શિક્ષા ૧૮મી—હે અર્જુન! જે માણસ પરમાત્માના નામનું ભજન કીર્તન કરી ભોજન કરેછે અથવા હાલતા, ચાલતા, ઉઠતા, બેસતા, અથવા કાંઇ પણ કામ કરતાં પરમાત્માને યાદ કર્યા કરેછે તે આ લોકમાં તથા પરલોકમાં પણ મનવાંછિત પુણ્યને પામેછે અને આ શિક્ષાથી જે માણસ વીરૂદ્ધ વર્તેછે તો તે મહાપાપનો અધિકારી થાયછે.

શિક્ષા ૧૯ મી—હે અર્જુન! જે મનુષ્ય એકજ પાત્રમાં બીજાની સાથે ભોજન કરેછે અથવા કરાવેછે તે ભ્રષ્ટ થાયછે કેમકે પુર્વ જન્મમાં તે માણુસ કઇ જાતનો હશે તે માણસથી જાણી શકાતું નથી તેથી એકઠા બેશી ભોજન કરવાથી અથવા બીજાનું એઠું ખાધાથી પુર્વજન્મની પ્રકતી-

નો અંતકરણમાં પ્રવેશ થાયછે અને તેથી નીચ કર્મ ભોગવવું પડેછે.

શિક્ષા ૨૦મી—હે અર્જુન! ભોજન કરતી વખતે અન્નદેવ મુખમાં વાસ કરેછે. માટે મનુષ્યને ઉચીત છે કે મુંગે મુંગે ભોજન કરવું કેમકે બોલવાથી કોઈ વખત સારૂં માઠું બોલાઇ જાયછે તો અન્નદેવતાના શ્રાપથી આ જન્મમાં દરીદ્રપણાને પામેછે માટે મનુષ્યે અવસ્ય એક ચીત રાખી પલાંઠી વાળીને અન્નદેવતાની મનમાં મોટાઇ માનીને ભોજન કરવું જેથી અન્ન દેવતા પ્રસન્ન થઇ આશીષ આપેછે.

આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે જગદીશ જગત ગુરૂ! ભોજન કરતી વખતે કોઇને કાંઇ કહેવું પડે અથવા બોલવું પડે તો તેનું કેમ કરવું? ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે જો બોલવાની ઘણીજ જરૂર પડે તો પાંચ ગ્રાસ ખાઇને આચમન કરી જે કામ હોય તે કરવું પણ કોઇની નિંદા અથવા બુરૂ કામ કરવાને કહેવું નહિ.

શિક્ષા ૨૧ મી—હે અર્જુન! જે મનુષ્ય પોતાની અર્ધાંગી (સ્ત્રી) ને ખોટા આચરણવાળી સમજી તેની નિંદા કરે અથવા દુ:ખ આપે, અને પોતે પણ અંત:કરણમાં દુખી રહે તે મનુષ્ય પશુ સમાન જાણવો. અને આવા ક્લેશથી સંસારમાં અપકીર્તી પામી અંત:કાળે નર્કનો અધીકારી થાય છે કેમકે પોતાની સ્ત્રીના સંગથી જે પુત્રની ઉત્પત્તિ થાયછે તે વખતે તે મનુષ્યના પીતૃદેવ નીચ કર્મથી નર્કના અધિકારી થયા હોય તો તે પોતાના વંશમાં પુત્રની ઉત્પત્તિથી મુક્ત થઇ વૈકુંઠમાં વાસ કરેછે અને પ્રસન્નતાથી તે પુત્રને આશીર્વાદ આપે છે આવા કારણથી પોતાની પરણેલી સ્ત્રીને હમેશાં પ્યાર તથા પૈસાથી પ્રસન્ન રાખવી, તે એવી રીતે કે સ્ત્રીના મનમાં એવું ભાસે કે મારા પતી સમાન મારો હીતકારી કોઇ નથી કેમકે પરણેલી સ્ત્રી પુણ્ય તથા પાપની ભાગીદાર છે અને કદાચિત તે સ્ત્રીથી કાંઈ અવિચાર્યું કામ થઇ જાય તો તે ડાહ્યા પુરૂષે ફરીથી એવું નહીં કરવા માટે શિખામણ

આપી પ્રસન્ન રાખવી તેમજ સ્ત્રીએ પણ પોતાનું પતિવ્રતાપણું સાચવી પોતાના પતિને પરમેશ્વર સમાન જાણી તેની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરતાં સુખમાં તથા દુઃખમાં પ્રસન્ન રહી પરમેશ્વરે જે આપ્યું હોય તેમાં સંતોષ માની સારા શણગાર સજી કોઇ વાતે પોતાના પતિને કંટાળો ન આપતાં આનંદમાં રેહવું. આથી પુરૂષને પોતાના ધંધા રોજગારમાં સાવધાનપણેથી સારી પ્રાપ્તિ થાયછે. માટે આ પ્રમાણે સ્ત્રી તેમજ પુરૂષ આપસ આપસમાં પ્યારથી વર્તેતો આ લોકમાં અપાર સુખ ભોગવી અંતઃકાળે મોક્ષ પામી વૈકુંઠધામમાં પરમ આનંદથી વાસ કરે છે

શિક્ષા ૨૨ મી—હે અર્જુન ! દીપકની જોતીની અથવા સૂર્યની ખોટી છાયા જે મનુષ્ય ઉપર પડે તો તે દુશિત છે.

શિક્ષા ૨૩ મી—હે અર્જુન ! જે મનુષ્ય મંત્ર તંત્ર અને મુઠથી અથવા બીજા કોઇ ઉપાયથી કોઇને મારવાનું કરે તો તે અંતઃકાળે બાર વર્ષ સુધી નર્કનો ભોગી થાય.

શિક્ષા ૨૪ મી—હે અર્જુન ! રોટલા તથા રોટલી ઉપર ઘી ચોપડયા વિના ભોજન કરવું તે પ્રેતસંગે ભોજન કર્યા બરોબર છે, કારણ કે લુખા ભોજનમાં હંમેશાં પ્રેતનો વાસ રહેવાથી પ્રેત વિઘ્ન કરેછે તેથી દરીદ્ર અવસ્થા થાયછે. માટે મનુષ્યે હમેશા પોતાની શક્તિ પ્રમાણે ભોજનમાં ઘી વાપરવાથી પ્રેત બાધ કરી શકતું નથી.

શિક્ષા ૨૫ મી—હે અર્જુન ! જે મનુષ્ય દીવાની જોતીમાંથી અગ્ની સળગાવી રસોઇ અથવા બીજું કાંઇ કામ કરે તો તે દીપકના આપથી કષ્ટ પામેછે કારણ કે તે અગ્ની ચીતા સમાનછે.

શિક્ષા ૨૬ મી—હે અરજુન ! જે મનુષ્ય પ્રાતઃકાળે અથવા સંધ્યાકાળે ઘરના ઊમરા ઉપર બેસે તો તેની સંપત્તીનો નાશ થઇ કરજમાં વધારો થાય છે.

શિક્ષા ૨૭મી—હે અર્જુન! જે મનુષ્ય પ્રાતઃકાળે ઝાડુ કાહડી કચરાને આંગણામાં રાખી મુકે તો તે લક્ષ્મીજીના શ્રાપથી સદાય દરિદ્રી રહે.

શિક્ષા ૨૮મી—હે અર્જુન! જે મનુષ્ય તળાવ, નદી, અથવા બગીચાના કીનારા ઉપર કુદરતી હાજતે (ઝાડે) જાય તો બહુકાળ નર્કમાં નિવાસ કરેછે.

શિક્ષા ૨૯મી—હે અર્જુન! જે મનુષ્ય એકાદશીનું વ્રત ધારણ નહિ કરતાં અનાજ ખાયતો તેનું જીવવું પશુસમાન સમજવું અને તે પાંચ હત્યાનો અધીકારી થઈ અંતકાળે નર્કમાં વાસ કરેછે તેટલા માટે મનુષ્યે એકાદશીનું વ્રત ધારણ કરી આખો દીવસ ભગવાનના ધ્યાનમાં મગ્ન રહી રાત્રીએ જાગ્રણ કરે તો મોટા મોટા પાપનો નાશ થાયછે એટલુંજ નહિ પણ પોતાના પીતૃદેવતાને પણ સ્વર્ગની પ્રાપ્તી થાયછે. આ શિક્ષા સાંભળીને અરજુને પ્રશ્ન કર્યો હે ભવભયભંજન દીનદયાલ! કોઈ વખત ભુલ્યે ચુક્યે વ્રતને દીવસે અનાજ ખવાય તો એ પાપથી શી રીતે છુટાય? શ્રીકૃષ્ણજીએ કહ્યું—હે અરજુન! અનાજ ખાતી વખતે વ્રત છે એમ જાણવામાં આવે તો ફરીથી ગ્રાસ નહી ભરતાં વ્રત ધારણ કરે, તો તેના વ્રતનું ફળ પૂર્ણ પ્રાપ્ત થાયછે અને તેના પીતૃદેવ પણ સુખી થાયછે. કદાચ કોઇ મનુષ્ય નિર્જન વૃત ન રાખી શકે તો ફકત ગાયના દૂધથી અથવા ફળ અહાર કર્યાથી પણ વ્રતનું ફળ પરીપૂર્ણ પામેછે. વળી આ વાત ઉપર પણ ધ્યાન રાખવું કે એકાદશીને દિવસે જે માણસ ચોખા (ભાત) ખાયછે તો તે કીડા બરોબર છે જેટલા ચોખાના કણ ઉદરમાં જાય તેટલી હત્યા બેસેછે. કદાપી વ્રત ન રાખી શકે તો પણ ચોખા અથવા લુણ (મીઠું) ખાવું નહી. આજારી માણસે પણ એકાદશીને દીવસે ચોખા અથવા લુણ (મીઠાનો) નો ત્યાગ કરવો. તેમજ રવીવારે પણ મીઠાવાળુ ભોજન ખાવું નહી. આવી

ઉત્તમ શિક્ષા શ્રીકૃષ્ણના મુખથી સાંભળી અરજુન મહા શોક સમુદ્રમાં આ ગુપ્તવાતથી કંપીત થઇ ડુબી ગયો, ત્યારે શ્રીકૃષ્ણે તેને સોચ અવસ્થામાં જોઇ અતિ દયાથી તેના મનનો ક્લેશ મટાડી આજ્ઞા કરી કે હે અરજુન ! તારાથી આજ સુધી ઉંચ નીચ કર્મ બન્યાં માટે આ ગુપ્ત ભેદ તારા આગળ પ્રગટ કર્યો તેનો તું તનમનથી અંગીકાર કર. આ આજ્ઞા સાંભળીને, અરજુન શ્રીભગવાનના પગમાં મસ્તક નમાવી સ્તુતી કરી હે મધુસુદન ! વૃજભુષણ ! નંદનાનંદન ! મનમોહન ! અધમઉધારણ શ્રીમહારાજ ! આ સંસાર સાગરથી પાર ઉતરવા નૌકારૂપ આ શિક્ષાઓનો મહીમા ગાતાં શેષાદી આદી દેવતાઓ પણ પાર પામી શક્યા નથી. હે નાથ ! મારી રક્ષા કરો, અર્થાત બીજી કાંઇ આજ્ઞા કરો. ત્યારે શ્રીકૃષ્ણે અરજુનને પરમભકત જાણી નીચે પ્રમાણે બીજી આજ્ઞાઓ કરી છે.

શિક્ષા ૩૦ મી—હે અર્જુન ! જે મનુષ્ય રજસ્વલા સ્ત્રીથી મૈથુન કરે તે આ સંસારમાં તેના પાપથી તેનું શરીર હમેશા રોગી રહે અને અંતઃકાળે હજાર વરસસુધી નર્ક ભોગવે. કારણકે રજસ્વલા સ્ત્રી પેહેલે દીવસે બ્રહ્મહત્યારી બીજે દીવસે ચંડાલણી ત્રીજે દીવસે ધોબણના સમાનછે માટે ત્રણ દીવસમાં તેનાં લુગડાંને અડકવાથી તથા તેનું મોઢું જોવાથી પાપ લાગે છે અથવા તેના હાથથી ભોજન કરે તો આખી ઉમ્મરમાં કરેલાં પુણ્યદાનનો નાશ થાયછે એટલા માટે ત્રણ દીવસ રજસ્વલા સ્ત્રીથી દુર રહિ ચોથે દીવસે સ્નાન કરી શુદ્ધ થયા પછી પુરૂષે સ્ત્રીનો સમાગમ કરવો અને તે દીવસે જો સમાગમ ન કરે તો પુરૂષને હત્યા લાગેછે. એવું સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે સ્ત્રીનો પતી પરદેશ ગયો હોય તો તે પાપથી શી રીતે મુક્ત થાય. ભગવાન બોલ્યા કે કદાપી પુરૂષ ઘેર ન હોય તો સ્ત્રીએ સ્નાન કરી સૂર્ય સન્મુખ રહી પોતાના સ્વામીની સુરતને મન રૂપી આરસીમાં જોઇ લે તો તેનો પતી આ

પાપથી મુક્ત થાય છે.

શિક્ષા ૩૧ મી—હે અર્જુન ! જે મનુષ્ય પોતાના જીવને કોઇ ઉત્તમ પ્રકારના પદાર્થ ઉપર ઈચ્છા કરતું અટકાવી તે પદાર્થથી વિમુખ રાખે તો તે માણસ આ જન્મમાં સદા દરીદ્ર રહેછે અને મરણ પાછળ પણ તેના જીવને મુકતી મળતી નથી. આવું શ્રી ભગવાનનું વચન સાંભળી અર્જુને પ્રશ્ન કર્યા કે હે દિનદયાળ ! નીર્ધન મનુષ્ય પોતાના જીવની ઇચ્છા પરીપુરણ શીરીતે કરી શકે? ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે નીર્ધન માણસે પોતાના જીવની પ્રસન્નતા માટે રવીવારે, અથવા જન્મ નક્ષત્રના દીવશે અથવા અમાવાસ્યાને દીવસે પોતાની શક્તિ મુજબ મનમાન્યા પદાર્થનું ભોજન કરે તો ઇસ્વર તેની મનકામના સદાય પુરી કરે.

શિક્ષા ૩૨ મી—હે અર્જુન ! જે મનુષ્ય કાંઇ વસ્તુ કોઇને ધર્માદા તરીકે આપી હોય અને તે પાછી લે અથવા પોતાના મનમાં કોઇ વસ્તુ ધર્માદામાં આપવી કરીને જો તે ન આપે તો તે મોટો પાપી થાય છે. અથવા કોઇની ઉછીતી તથા કોઇ કારણથી વસ્તુ લાવીને પચાવી જાય તો તે આ જન્મમાં અપકીર્તી પામી બીજા જન્મમાં સહસ્ત્રગણું આપતાં પણ પાપના બંધનમાંથી છુટતો નથી. માટે મનુષ્યને ઉચીત છે કે મોઢેથી બોલીને ફરી જવું નહી.

શિક્ષા ૩૩ મી—હે અર્જુન ! જે માણસ પોતાની છોકરીનું લગ્ન પૈસા લઈને કરેછે તે માહાપાતકી થાયછે અને તે પાપના ફળથી નિર્ધન થઇ દરિદ્ર અવસ્થાને પામે છે. એટલુંજ નહીં પણ તેના પિતૃદેવ શ્રાદ્ધ તર્પણથી વિમુખ રહી નરકમાં વાસ કરેછે.

શિક્ષા ૩૪ મી—હે અર્જુન ! મનુષ્યને ઉચિત છે કે કોઈએ કાંઈ વસ્તુની માગણી કરી હોય અને તે વસ્તુ આપણી પાસે હોય તો તે આપવી કેમકે તેથી અસ્વમેધ યજ્ઞ કરયાસરખું પુણ્ય થાયછે.

શિક્ષા ૩૫ મી—હે અર્જુન! જે માણુસ ઈશ્વરે આપેલી બક્ષીશ ઊપર સંતોષ ન રાખતાં બીજાની અપેક્ષા કરેછે તે સદાકાળ દુખી અવસ્થામાં રહેછે. એટલામાટે મનુષ્યે સંતોષ રાખવો કેમકે સંતોષી સદા સુખી.

શિક્ષા ૩૬ મી—હે અર્જુન! જે મનુષ્ય પોતાની મનકામના સિદ્ધ કરવા ચાર પાયાના આસન (ખુરશી, ખાટલો વિગેરે) ઉપર બેશીને પરબ્રહ્મ જગદીશ્વરનું પુજન કરે તો તે અફળ જાયછે એટલા માટે ભોંય ઉપર એકાંતમાં પવિત્ર આસન જેવા કે દ્રભાસન, મૃગછાલા, અથવા ઉનનું વસ્ત્ર પાથરીને પુર્વ અથવા ઉત્તર દિશા ભણી મુખ રાખી એક ચિત્તે પરમાત્માનું સમરણ પુજનમાં મન લગાવે તો તે ફળદાયક છે.

શિક્ષા ૩૭ મી—હે અર્જુન! જે મનુષ્ય તીર્થ કાંઠે જઈ પરસ્ત્રીને કુદ્દષ્ટિથી નિહાળે તો તે પાપથી તેની મુક્તિ કોઇ જગ્યાએ થતી નથી અને અંતકાળે યમદુત તે પાપીને નરકમાં લઇ જઈ લોઢાની તપાવેલી શીખો આંખોમાં ખોશે અથવા અનેક પ્રકારનાં દુઃખ આપેછે. આ સાંભળી અર્જુને વિનંતિ કરી કે હે જગતગુરૂ અંતરજામી કૃપા કરી કાંઈ બીજી પણ લાભકારી શિક્ષાનો ઉપદેશ કરાવો કે જેથી મનરૂપી મેહેલમાં જ્ઞાનરૂપી દીવાનો ઉજાશ થાય.

શિક્ષા ૩૮ મી—હે અર્જુન! જે મનુષ્ય ગંગાસ્નાન કરવા જતી વખતે પગમાં પગરખાં પેહેરી જાય તો તે સ્નાનનું ફળ પામતો નથી.

શિક્ષા ૩૯ મી—હે અર્જુન! જે મનુષ્ય ચાર ભાઈઓની વચમાં બેશીને કાંઇ ખાવાનું મંગાવે અને તે બીજાઓને ન આપતાં પોતે એકલો ખાય તો તે પાપથી મુક્ત થતો નથી, પણ ગરીબને દોષ નથી.

શિક્ષા ૪૦ મી—હે અર્જુન ! જે મનુષ્ય રવીવારે દ્વાદશીએ, તથા અમાવાસ્યાને દીવસે ખીચડી ખાય તો પાપના બંધનથી બીજા ઉત્તમ પદાર્થોથી વીમુખ રહે છે અને પ્રજા (પુત્ર) જીવે નહીં.

શિક્ષા ૪૧ મી—હે અર્જુન ! બારસને દીવસે પુરાણ વાંચવું અથવા સાંભળવું અયોગ્ય છે કેમકે તે દીવસ શ્રી વ્યાસ મુની આખો દહાડો પરબ્રહ્મ પરમાત્માના પૂજનમાં ધ્યાન રાખી બેસે છે તેથી જો કોઇ પુરાણ વાંચે તો તે ધ્યાનથી ચલાયમાન થાય છે.

શિક્ષા ૪૨ મી—હે અર્જુન ! રવિવારે અથવા વ્રત ધારણને દીવસે દર્પણમાં મુખ જોવું અયોગ્ય છે.

શિક્ષા ૪૩ મી—હે અર્જુન ! જે ખાટલા ઉપર ધણીધણીયાણી સુતાં હોય તે ખાટલા ઉપર બીજાએ સુવું અથવા બેસવું નહીં આ દોષ સુનારા ધણીધણીયાણીથી મોટા હોય તેનેજ લાગે છે પણ બાળકોને બાદ નથી.

શિક્ષા ૪૪ મી—હે અર્જુન ! જે માણસ તલની ચોરી કરે તે મહા પાતકી થાય છે એટલુંજ નહી પણ કોઈ તલ ખવરાવે તો તે ખાવામાં પણ દોષ છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે મહારાજ કોઈ સગુ વાહલું તલ ખવરાવે તો તે શી રીતે ખાવા તે કૃપા કરી આજ્ઞા આપો. ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું કે ભોજનના બદલામાં કોઇને તલ ખવરાવવા નહીં પણ બ્રાહ્મણને આપવા કે જેથી પુણ્ય થાય.

શિક્ષા ૪૫ મી—હે અરજુન ! જે માણસ લઘવી (પીશાબ) કરીને પાણી લઈ હાથ પગ ધોતો નથી તે અપવિત્ર રહે છે અને તેથી સદકર્મનું ફળ પામી શકતો નથી.

શિક્ષા ૪૬ મી—હે અરજુન ! જે મનુષ્ય એકાગ્રચીત રાખી કથા વાર્તામાં ધ્યાન રાખે તો તે વૈકુંઠમાં નાનાપ્રકારનાં સુખ ભોગવે છે.

શિક્ષા ૪૭મી—હે અર્જુન! જે મનુષ્ય અનામત વસ્તુને પોતાના કબજામાં કરી લે તે બદલ અનેક પ્રકારનાં દુ:ખ ભોગવી અંત:કાળે નર્કનો અધિકારી થાય છે અને તેની સ્ત્રીને વાંઝીયાપણું ભોગવવું પડેછે.

શિક્ષા ૪૮ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાની પરણેલી સ્ત્રીનો ત્યાગ કરે અથવા ગાયના ટોળામાં જઈ વીનાકારણે મૈથુન કરતી ગાયને ડરાવીને નસાડે તો તે અંત:કાળે નર્કનો અધિકારી થાય છે તેમજ તેનો વંશ ઘેલો ગાંડો થાય છે.

શિક્ષા ૪૯મી-હે અર્જુન! જે મનુષ્યનો લેણદાર તગાદો કરી બારણામાં બેઠો હોય તે વખતે કરજદાર માણસ જો ઘરમાં રહી ભોજન અથવા જલ લીયે તો તે અપ્રાધી થવાથી જન્મ આખો દરીદ્રી રહેછે.

શિક્ષા ૫૦ મી—હે અર્જુન! જે માણસ પોતાના કુંટબની, અથવા નાતની, નિંદા કરે છે તો તે પુત્રનું સુખ પામતો નથી.

શિક્ષા ૫૧ મી—હે અર્જુન! જે મનુષ્ય પોતાની બડાઈ કરે અથવા બીજાને મોઢેથી સાંભળીને મલકાઇ જાયછે તેને મુર્ખ જાણવો, એટલુંજ નહી પણ અંતકાળે નર્કનો અધિકારી થાય છે. માટે મનુષ્યને ઉચીત છે કે સ્વગુણ મુખથી ન ગાવા.

શિક્ષા ૫૨ મી—હે અર્જુન! જે મનુષ્ય બગીચાને અથવા તળાવની પારને તથા વૃક્ષના મુળને વગર વિચારે ઉન્મત્ત થઇને તોડી પાડે અથવા શીખેલી વિદ્યા ઉપર ધ્યાન ન રાખતાં અનીતિથી ચાલેછે તો તે પાપથી મુક્તિ ન પામતાં અંતકાળે નર્કમાં જાયછે.

શિક્ષા ૫૩ મી—હે અર્જુન! જે મનુષ્ય પોતાનાં પાળેલાં જનાવરને ભુખ્યાં રાખે અથવા નિર્દયપણે હદથી જાદે મેહનત કરાવે તેને મોહટો પાપી જાણવો. આવા પાપથી ધન સંતાનનું સુખ નહીં પામતાં આગલા જન્મમાં વ્યંડળ અર્થાત નપુંસક થાય. કદાચીત પુન્યના પ્રતા-

પથી તે નહીં તો તેની પ્રજા તો અવશ્ય નપુસક થાય એમાં કાંઇપણ સંદેહ જાણવો નહી.

શિક્ષા ૫૪ મી—હે અર્જુન ! જે માણસ રૂપીઆને બદલે જમીન કબજે રાખે છે તો તે પાપથી આંખે આંધળો થઇ સંતાનનું સુખ પામતો નથી.

શિક્ષા ૫૫ મી—હે અર્જુન! જે મનુષ્ય વડીલો પાસે જુઠું બોલે છે તે દોષીત થાય છે.

શિક્ષા ૫૬ મી—હે અર્જુન ! ચારો ચરતી ગાયને જે માણસ હાંકી કાહડે છે તે પાપના બંધનથી પુત્રનું સુખ પામતો નથી.

શિક્ષા ૫૭ મી—હે અર્જુન ! જે માણસ યુદ્ધસ્થાનમાં જઇને અસામર્થપણું દેખાડી પોતાના સ્વામીને એકલો મુકી નાશી જાય તે કોહડિયો થાયછે એટલુંજ નહિ પણ અંતકાળે રૌરૌ નરકમાં પડે છે.

શિક્ષા ૫૮ મી—હે અર્જુન ! જે માણસે તીર્થકાંઠે જઇ પોતાની સ્ત્રીસહિત (એક પોતીએ) સ્નાન કર્યું નથી તેનું જીવતું પશુસમાન છે માટે મનુષ્યને ઉચિતછે કે એક વખત તીર્થકાંઠે જઇ સ્ત્રીસહિત સ્નાન કરી શક્તિ મુજબ પુન્યદાન કરવા ચુકવું નહીં. આવા સ્નાનથી અસ્વમેધયજ્ઞ કરવાનું પુણ્ય થાયછે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે અંતરજામી દીનબંધુ ! આપે આજ્ઞા કરી તે અતિ ઉત્તમછે. પરંતુ તીર્થકાંઠે જાવા માટે પૈસા ન હોય તેવા માણસને અથવા શરીરે અશક્ત થયેલા માણસે શું કરવું ઉચિતછે તે કૃપા કરી કહો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને આજ્ઞા કરી કે હે અરજુન! તેવા મનુષ્યે અમાવાસ્યા, પુર્ણમાસી, જન્મ નક્ષત્રે, સિદ્ધિયોગે, અથવા વ્યતિપાતાદિ શુભવારે પોતાની સ્ત્રીસહિત તળાવ, નદી, હોજ, કુવા અથવા પોતાને ઘેરે સ્નાન કરી શક્તિ પ્રમાણે પુણ્યદાન કરવું; એથી તીર્થ સ્નાનથી પણ અધિક ફળને પામે છે અને

થયેલાં પાપોથી મુક્તિ પામી વૈકુંઠમાં વાસ કરે છે. હે અર્જુન ! આ શિક્ષા વેદમાં ગુપ્ત રહી છે અને દેવતા પણ જાણવાને અશક્તછે, પરંતુ હું તને મારો પરમ ભકત જાણી તારા હીતમાટે કહું છે.

શિક્ષા ૫૯ મી—હે અર્જુન ! જે મનુષ્ય બીજાની એબ ઉઘાડી કરે તે રૌ રૌ નરકમાં પડે છે.

શિક્ષા ૬૦ મી.—હે અર્જુન ? જે દિવસે ગાય વાછરડાને જન્મ આપે છે તે દિવસથી ૮૦ દિવસ સુધી ગાયને દોહી વાછરડાને ન પાતાં પોતાના ઉપયોગમાં દૂધ લે છે તો તે પાપથી સંતાનનું સુખ ન પામતાં ઘણા વરસ નરકમાં વાસ કરે છે.

શિક્ષા ૬૧ મી—હે અર્જુન ! જે માણસ પોતાના કુટંબનો દ્રોહ કરી જીવથી મારી નાખે છે અથવા ભુડું ઇચ્છે છે તેને મોટો પાપી જાણવો.

શિક્ષા ૬૨ મી—હે અર્જુન ! જે મનુષ્ય બીજાનો હિસ્સો પોતાના કબજામાં કરે તો તેની સ્ત્રી દુરાચરણી થાય, પોતે જન્મભર દરીદ્રાવસ્થા ભોગવે અને સંતાનથી વિમુખ રહે, કદાચ પુત્ર આવે તો તે તરત મરી જાય છે અને જો પુત્રી આવે અને તે જીવે તો તે વિધવા અવસ્થા પામે અને પોતે ચાર જન્મસુધી અંધ અવસ્થા ભોગવે તે પછે યમના દુત લોઢાના તપાવેલા થાંભલા વડે બાંધીને તેને માર મારે છે.

શિક્ષા ૬૩ મી—હે અર્જુન ! જે મનુષ્ય સૂર્ય અથવા ચંદ્રગ્રહણના ઘેરાવા વખતે ખાય પાણી પીયે અથવા પીશાબ કરે તો તે સૂર્ય ચન્દ્રના શ્રાપથી ધન તથા સંતાનનું સુખ પામતો નથી.

શિક્ષા ૬૪ મી—હે અર્જુન ! દિશાએ જવા માટે લીધેલા પાણીમાંથી બાકી રહેલા પાણીએ હાથ પગ ધોવે તો દોષ લાગેછે અને તેના કુટુંબને પ્રેત બાદ કરે છે; કેમકે એ પાણી પ્રેતના ભાગનું કહેવાય છે માટે તે લેવું નહીં.

શિક્ષા ૬૫ મી—હે અર્જુન! સંતાનહીણ પૂરૂષનું જીવવું વ્યર્થ છે, કારણ કે તે મુવા પછી શ્રાદ્ધ, તર્પણથી વિમુખ રહેછે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો, હે સ્વામિ પુત્રહિણ માણસને કોના હાથથી શ્રાદ્ધ તર્પણ પોહોંચે તે કૃપા કરી આજ્ઞા કરો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને હસીને કહ્યુંકે હે અર્જુન! આ વાત ગુપ્ત છે તોપણ તને હું મારો પરમ ભક્ત જાણી કહુંછું કે પુત્રહીણ પુરૂષની સ્ત્રી સુશીલ, સ્ત્રીધર્મ પાળવાવાળી હોય અને તે પ્રીતિ ભાવથી શુદ્ધ મને શ્રાદ્ધ તર્પણ કરે તો તેના પતિને પોહોંચે છે. અને એવી પતિવ્રતા સ્ત્રીનાં સારાં કર્મથી સાતે પેઢીના પિતૃઓ વૈકુંઠમાં વાસ કરે છે. અને તેનો પતિ પણ પોતાના પાપ કર્મોથી જો નર્કમાં પડયો હોય તો તે પણ વૈકુંઠને પામેછે.

શિક્ષા ૬૬ મી—હે અર્જુન! દ્વાદશી, અમાવાસ્યા તથા રવિવારે જે મનુષ્ય શરીરે તેલ લગાડે તે દોષિત થાય છે.

શિક્ષા ૬૭ મી—હે અર્જુન! કોઇ પણ મનુષ્યે પોતાના આંગણામાં વડ અથવા પીંપળાનું વૃક્ષ રાખવું નહીં; કારણ કે પિતૃદેવ પ્રતિદીન એકવાર પોતાના પરિવારને ઘેર આવે છે તો તે વડ પીપળામાં રહેલા ભુત, પીશાચ, પ્રેતાદીકના ડરથી નાશી જઇ શાપ આપેછે. અથવા પિતૃનીમિતે જે કાંઇ બ્રહ્મભોજન કરાવે તે પીતૃદેવને નહિ પુગતાં ઉપલા કારણથી નિષ્ફળ જાય છે તેથી તે સદા નિર્ધન થઇ દરીદ્ર અવસ્થા ભોગવે છે, માટે ઘર આગળ પીપળો અથવા વડનું વૃક્ષ રાખવું નહિ. તેમજ તેની નીચે દીવો રાખવો પણ અશુભ છે.

શિક્ષા ૬૮ મી—હે અર્જુન! મનુષ્ય દેહ અતિ કઠીનતાઇથી પૂર્વના પુણ્યે પ્રાપ્ત થાય છે. તેથી આ અમુલ્ય દેહને ગળામાં ફાંસો નાંખવો અયોગ્ય છે. કારણ કે મોતે દરેક માણસના માથાની ચોટલી પોતાના હાથમાં રાખી છે તેથી તે પોતાની ખુશી મુજબ દેહમાંથી જીવને

ખેંચી લે છે, પણ માણુસથી જાણી શકાતુ નથી કે આપણું મોત ક્યારે થશે. બાળ અવસ્થા તથા યુવા અવસ્થામાં ઇશ્વર આરાધન વૃદ્ધ અવસ્થામાં કરશું એમ માનવું એ ભુલ ભરેલું છે માટે મનુષ્યને ઉચીત છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે દૂર્ગુણો તજીને ઇશ્વરે જે આપેલું છે તેમાં સંતોષ માની હર્ષ શોક, હાની લાભ, સમ જાણી સર્વ જીવને પુરણબ્રહ્મ પરમેશ્વર સમાન જાણી સદા સચીદાનંદ નારાયણના ચર્ણારવીંદમાં મન લગાવી પ્રસન્નતાથી સ્મરણ કરવું કેમકે અંતઃકાળે માતા, પિતા, ભાઇ તથા સગાવાલા કોઇપણ સહાય કરતા નથી. માત્ર પોતાના સુકર્મથી સહાયતા મળે છે.

શિક્ષા ૬૯ મી—હે અર્જુન ! જે મનુષ્ય પ્રતી દિન પિપળાને પાણી ન રેડે અથવા પખવાડીએ પખવાડીએ મહાદેવનું વ્રત પુજન કરે નહિ તો તે સદા નીર્ધનતાથી દુઃખી રહે અને તેનું જીવવું શિયાળવાના જેવું છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો. હે વાસુદેવ ! જગતગુરૂ ! જો કોઇ મનુષ્યથી નીત્યનીયમ ન રહે તો તેણે શુ કરવું. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે શનીવારને દિવસે પીપળાના મૂળમાં બ્રહ્મા, છાલમાં વિષ્ણું, ડાખળીઓમાં મહાદેવ અને પાંદડે પાંદડે તેત્રીશ કરોડ દેવતાનો વાસો રહે છે તેથી તે દિવસે પિપળાનું પુજન કરવું. તે પુજનની વિધી કહુ છું, તે સાંભળ. સઘળા તીર્થો (ગંગાજળ, સમુદ્રજળ દહિ, દુધ, સાકર મધ,) સહીત પુજન કરી પ્રદક્ષિણા કરી શકિત પ્રમાણે પિપળાના વૃક્ષ નીચે બ્રહ્મભોજન કરાવી પોતે પણ કરે તો પુણ્યના પ્રતાપથી દેવતાઓથી આશીરવાદ પામી ધન સંતાનથી સુખ પામે અને અંતકાળે જમના દુત તેનાથી ડરી નાસી જાય. આ રીતે પિપળાનું પુજન તીર્થ સ્નાન યજ્ઞના ફળની બરોબરી કરનારૂં છે. હવે મહાદેવના પુજનની વિધી આ પ્રમાણે કરવી. માહ મહીનાની કૃષ્ણ

ચતુર્દશીએ માહદેવનું વ્રત ધારણ કરી રાત્રીનું જાગ્રણ કરી ચાર વેદના મંત્રાથી તીર્થો (દુધ, સાકર, ધી, ગંગાજળ, મધ આદીક) થી મહાદેવને સ્નાન કરાવી વિધી પુર્વક પુજન કરે તો એનું ફળ બાર માસના વૃતના ફળની બરોબર થાય છે. આ વૃત કરેથી થયલાં પાપનો નાશ થઇ શીવ લોકમાં વાસ પામી મન કામના પુરણ થાય છે. કદાચ આ વૃત પુરૂપ ન રાખી શકે તો તેની સ્ત્રી આવી રીતે વ્રત રાખે અને મહાદેવની પ્રીતિ સાથે પુજા કરે તો આ વૃતનું ફળ બધા વૃતના ફળ કરતાં પરિપુર્ણ મળે. અર્જુન આવાં શિક્ષારૂપ વચનો સાંભળી પ્રસન્નતાથી વિનયપુર્વક દંડવત કરી બોલ્યા કે હે દીનદયાળા આપના મુખથી આવી શિક્ષા સાંભળી મારી બુદ્ધી વૃદ્ધી પામે છે તે સાંભળી શ્રી ભગવાને કહ્યું કે હે અર્જુન ! આ પુરાણની બોધરૂપ શિક્ષાઓ વીસતારીને તારી આગળ કહું છું તે તું ચિત્ત લગાડી બરાબર સાંભળ.

શિક્ષા ૭૦ મી હે અર્જુન ! જે કોઇ મનુષ્ય સ્નાન કરી ઉમરાના અને ગહુડાના ઝાડ નીચે જાય તો સ્નાનના ચોથા ભાગનું ફળ તે વૃક્ષને જાય છે એ સાંભળી અર્જુને તેનું કારણ પૂછતાં શ્રી કૃષ્ણજીએ કહ્યું કે જયારે નૃસીંહ અવતારે પોતાના નખથી હિરણ્યાક્ષનું પેટ ફાડ્યું ત્યારે નૃસીંહના નખમાં બળતરા થવા લગી તેવામાં નર્સીંહજીને ઉપલા બે વૃક્ષો નજરે પડયા તેના પાંદડા નખે લગાડવાથી બળતરા મટી અને આરામ થયો, ત્યારે નૃર્સીંહજીએ પ્રસન્ન થઇને પેલા બે વૃક્ષોને વરદાન આપ્યું કે જે કોઇ માણુસ સ્નાન કરીને તમારી નીચે આવશે તેના સ્નાનના ફળનો ચોથો હીસ્સો તમને પ્રાપ્ત થશે એ સાંભળી અર્જુને પૂછ્યું કે હે શ્રીકૃષ્ણ પરમાત્મા ! કોઈ માણુસ ગફલતથી તે ઝાડ નીચે જાય તો તેમાંથી શી રીતે બચે ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે તે ઝાડ નીચે જનાઈ માણુસ ત્રણ વખત શ્રી નૃર્સીંહ અવતારનું નામ લે તો

તેના સ્નાનનું ફળ વૃક્ષને નહિ જાતાં પોતાને પ્રાપ્ત થાય.

શિક્ષા ૭૧ મી—હે અર્જુન ! જે મનુષ્ય સ્નાન કર્યા પછી ખાટલા ઉપર બેસે અથવા બહાર જઇ લોકોને અડકે તો તેને ફરી નાહવું જોઈએ પણ સ્નાન કરી જમીને બાહાર જાય તો તેને દોષ લાગતો નથી.

શિક્ષા ૭૨ મી—હે અર્જુન ! જે મનુષ્ય આંબાનું ઝાડ કાપે તેને મહાદોષ છે અને જો આંબાનાં દશ વૃક્ષ કાપે તો એક બ્રહ્મહત્યાના દોષની બરોબર છે માટે કોઇ મનુષ્યે આંબાના વૃક્ષને કાપવું નહી અને જો કોઈ વૃક્ષો રોપીને બાગ કરાવે અથવા જાતે કરે તો તેને યજ્ઞના ફળની બરોબર ફળની પ્રાપ્તી થાય અને જો બાગ (વાડી) કરવાની શકિત ન હોય તો જલવાળા ઉત્તમ સ્થાન ઉપર પાંચ વૃક્ષ રોપે તો વૃક્ષોની આશીશથી અંતઃકાળે મોક્ષગતીને પામે.

શિક્ષા ૭૩ મી—હે અર્જુન જે મનુષ્ય પોતાને ઘરે તુલશીનું વૃક્ષ વાવે અને હંમેશા સ્નાન કરી તુળશીની, જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, ધુપ દીપ વગેરેથી પ્રતીદીન પુજા કરે તો તેને ઘેર જમના દુતો નહિ આવતાં લક્ષ્મીજી પ્રસન્ન થઇ ઘરમાં વાસ કરી સુખમાં વૃદ્ધિ કરે છે તેમજ અશ્વમેધ કર્યાથી જેટલું ફળ મળે છે તેટલું ફળ પ્રાપ્ત થાય છે. અને જો હંમેશા તુળશીની પુજા કરવી બને નહી તો અશાડ આસો અને કારતક માસના દરેક દિવસે પુજા કરે તો તેનું ફળ યજ્ઞના ફળની બરોબર મળે, તેમજ કોઈ માણસ આંબલીના ઝાડ નીચે બ્રાહ્મણને જમાડે તો તેનું પુણ્ય યજ્ઞની બરોબરી કરનારૂં છે. પણ રવિવારે (આંબલી) ના વૃક્ષની પુજા કરવી તેનો દોષ છે. માટે તેમ ન કરવું.

શિક્ષા ૭૪ મી—હે અર્જુન ! કોઈ પૂરૂષ તીથિ, વાર, નક્ષત્રના સમય વગર શ્રાદ્ધ કરે છે તે તેના પીતૃ દેવતાઓને પોહોચતું નથી.

શિક્ષા ૭૫ મી—હે અર્જુન ! જે મનુષ્યના ઘરમાં વાંઝણી સ્ત્રી

હોય, તેનું જીવવું પશુ સમાન છે. તેના હાથની બનાવેલી રશોઇ પણ જમવી અયોગ્ય છે. આ કારણથી તેના મુખમાં દુરગંધી પેદા થાયછે એવું સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે એવી સ્ત્રી ઘરમાં અથવા સગાવાલામાં હોય અને તે સ્ત્રી શિવાય બીજું કોઇ રસોઇ કરનાર ના હોય તો ત્યારે કેમ કરવું તે કૃપા કરી આજ્ઞા કરો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે ભોજન કરવાને સમયે અનંત શકિત પરબ્રહ્મ કમળનયન ધર્મ રક્ષકનું નામ લઇ પ્રાર્થના કરી કહેવું કે હે જગદીશ્વર અધમો ઉદારણ, ભયભંજન, અઘમોચન, તુંજ છો. એવી રીતે આસે આસે નામ લઇ પૃથ્વિ ઉપર જલની ધાર દઇ જ્યોતી સ્વરૂપનું ધ્યાન ધરી ભોજન કરે તો તેને બાદ ન લાગતાં ધન સંતાનની પ્રાપ્તિ થાયછે.

શિક્ષા ૭૬ મી—હે અર્જુન ! જલ પીવા માટે કોઇની પાસે માગણી કરી હોય અને તે જલથી ભરીને લોટો લાવે તો તે હાથોહાથ ન લેતાં જમીન ઉપર મુકાવી પછે પોતાને હાથે લઇ, ને પીયે તો તેમાં દોષ નથી; પણ હાથોહાથ લઈને પીયે તો દોષ છે.

શિક્ષા ૭૭ મી—હે અર્જુન ! જે મનુષ્ય ભોજન કરેલા એઠા વાસણો, તરત સાફ ન કરતા એમને એમ રાખી મુકે તો તે અન્ન દેવતાના શાપથી સદા દરીદ્રી રહી બહુ દુઃખ પામે છે.

શિક્ષા ૭૮ મી—હે અર્જુન ! જે મનુષ્ય પોતાનું આંગણુ લીંપી ગુપીને સાફ ન રાખે તો તે મહાદેવજીના તથા પોતાના પીતૃ દેવના શ્રાપથી છઠે મહીને નિરાધાર થઈ અતી દુઃખ પામે અને આ વાત પણ ધ્યાનમાં રાખવી કે પીતાના પાપથી પુત્ર દરીદ્રી થાય છે અને સ્રીના પાપથી પુરૂષને મુકિત મળતી નથી. કદી પોતાના પુન્યના બળે કરી સ્વર્ગની પ્રાપ્તી થઇ હોય તો તે નષ્ટ થઈ જાય છે.

શિક્ષા ૭૯ મી—હે અર્જુન ! જે મનુષ્ય નદી, તળાવ, વીગેરે

છોડીને ઘરમાં ગરમ પાણીએ નહાય છે, તેનું નહાવું અશુદ્ધ છે. આ સાંભળીને અર્જુને પ્રશ્ન કર્યો કે કોઇ ગામમાં નદી વીગરે નાહવાના સ્થળો ન હોય, તો તેનું કેમ કરવું; તે કૃપા કરી આજ્ઞા કરો, ત્યારે શ્રી કૃશ્ને કહ્યુ કે જે ગરમ પાણીમાં હાથ બોળ્યા શીવાય સ્નાન કરે તો ગંગાસ્નાન જેવું શુદ્ધ છે. હે અરજુન ! આવી આવી વાતોમાં બહુ ધ્યાન રાખવાની જરૂર છે, પણ તે કોઇનાથી રાખી શકાતી નથી. એજ મોટુ આશ્ચર્ય છે પરંતુ પરમાત્માની ભકતીએ કરીને મુકતી પામેલ એવા બુદ્ધિમાન પુરૂષો તો અવશ્ય ધ્યાન લગાવે છે આ સાંભળી અર્જુને બહુ શોચ કરી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવીંદમાં શીશ નમાવી વીનતી કરી કે હે ! સચીદાનંદ વાસુદેવ આપે આ આજ્ઞાઓ કરી, તેમાંથી કેટલીક બને છે અને કેટલીક નથી બનતી, તો તેના દોષથી મુકત કેમ થવાય તે કૃપા કરી આજ્ઞા કરો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અરજુનને બહુ શોચ કરતો જાણી દયાળુપણે આજ્ઞા કરી કે,

(દુહો)

વીતેલ વાતનો સોચ ન કરતાં, ધીરજ મનમાં ધાર,
ધ્યાન ધરો એટલાજપર, મટે પાપ નિરધાર.

શિક્ષા ૮૦ મી—હે અર્જુન ! જે મનુષ્ય સ્નાન કરી લલાટમાં તીલક કરતો નથી તેનું સ્નાન અફળ જાય છે. તેમજ તીલક વગરના બ્રાહ્મણને નમસ્કાર કરવો પણ અયોગ્ય છે. કેમકે તીલક કરવાથી યમના દુતો તીલક જોઈને ડરી જાય છે; અર્થાત ઝાઝુ દુઃખ ન આપતાં લાજ આબરૂથી, ધર્મ રાજાની કચેરીમાં ખડા કરે છે.

શિક્ષા ૮૧ મી—હે અર્જુન ! મનુષ્ય કાયા કોઇ મોટા પુન્યના પ્રતાપે પ્રાપ્ત થાય છે. તોપણ કદાચીત જીવને ભોજનની પ્રાપ્તી માટે, અતિ દુઃખ સોસતા પણ પ્રતીદીન પ્રાપ્તી થતી નથી, તો પુર્ણ આ-

સીને દીને તો અવશ્ય ભોજન કરવું ઉચીત છે, અને તેથી મોટું પુણ્ય થાય છે.

શિક્ષા ૮૩ મી—હે અર્જુન! મનુષ્ય મસુર, ગાજર, લસણ અને કાંદા (ડુંગળી) આમાંની કોઇપણ વસ્તુ ખાયછે, તો તેનો સ્વર્ગમાં વાસ થવો દુર્લભ છે. કારણ કે ઉપલી ચીજોનાં બી માણસના પેટમાં એકવીસ દીવસ સુધી રહે છે, અને આ એકવીશ દીવસમાં માણસનું મૃત્યું આવેતો તે નરકમાં જાય છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે ત્રીલોકીનાથ, જક્ત પાલક પ્રભુ કોઇ માણસે ઉપલી વસ્તુમાંથી એક આદી વસ્તુ ખાધી હોય અને તુરત માંદો પડતાં અંતકાળ પાસે આવેતો તેના દોષથી કેવી રીતે મુક્ત થવું તે કૃપા કરીને કહો. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે જો તે માણસ ગંગાજળનું પાન કરે તો તે દોષથી મુક્ત થાય છે અને આ કારણથી નરકે જતો અટકે છે. માટે કોઇ માણસે ઉપલી વસ્તુમાંથી કોઇપણ જાણી જોઇને ખાવી નહી.

શિક્ષા ૮૪ મી—હે અર્જુન! જે મનુષ્ય દીવસ અને રાત્રીએ પોતાના ઘરમાં ઘીનો દીવો બળતો રાખે, તો તેના ઉપર પીતૃદેવતા પ્રસંન થઇ દીનપ્રતીદીન આસીસ આપી ધનસંતાનમાં વૃદ્ધી કરે, તેમજ આગલા ભવમાં તે મનુષ્ય પરમેશ્વરની અતી કૃપાએકરી ઘણું સુખ પામી અંતકાળે મોક્ષપદને પામશે અને સુખ ભોગવશે.

શિક્ષા ૮૫ મી—હે અર્જુન! જે માણસ ભોજન કરતાં પડી રહેલી જુઠ (જમતા પડી રહેલુ ભોજન) તેનું બીજી વખત ભોજન કરે અગર તે બીજા કોઈને ભોજંન કરાવે તો આ મહાદોશથી નીશ્ચય દરીદ્રી અવસ્થાને પામે.

શિક્ષા ૮૬ મી—હે અર્જુન! જે મનુષ્ય રાત્રીએ અંધારામાં ભોજન કરે અથવા ભોજન કરતી વખતે દીવો બુજાઈ જાય તોપણ

જમવું ચાલુ રાખે તો આ દોશના કારણથી ધનસંતાનનું સુખ નહી પામતાં દુઃખી રહે. અંધારે જમવું તે પ્રેતની સાથે જમ્યા બરોબર છે.

શિક્ષા ૮૭ મી—હે અર્જુન ! જે મનુષ્ય પોતાને માથે મુકવાની બાંધેલી પાઘડી બીજાને માથે મૂકવા આપે, તો તેનો બહુ દોષ છે કારણ કે પાઘડી આપનારની બુદ્ધીમાં ઘટારો થાયછે અને પાઘડી લેનારની બુદ્ધીમાં વધારો થાય છે.

શિક્ષા ૮૮ મી—હે અર્જુન ! જે મનુષ્ય દક્ષિણ દિશા સામું મોઢું રાખીને સુવે છે તેને તેમ સુવામાં ઘણો દોષછે.

શિક્ષા ૮૯ મી—હે અર્જુન ! ચાર વર્ષની છોકરી તે પાર્વતી સમાન અને ૭ વર્ષની તે કન્યા કહેવાય છે તેવે વખતે તેનો વીવાહ કરે તો મોટા યજ્ઞ સમાન ફળ પ્રાપ્ત થાય છે. જેઓ બાર વર્ષની કન્યા વયે પોહોચ્યા છતાં લગ્ન કરતા નથી તો તેને મોટો દોષ લાગે છે. માટે કન્યાને બાર વરસની અંદર પરણાવવી.

શિક્ષા ૯૦ મી—હે અર્જુન ! જે માણસ માથે પાઘડી અને કમરમાં ધોતીયું પેહેરીને કચ્છો નહી વાળે તો આ ભવમાં જેટલું પુણ્યદાન કર્યું હોય તેનું ફળ મળતું નથી અને તેના પાપે કરી અંતઃકાળ વખતે નર્કમાં જાય છે. તેમજ તેના પીતૃદેવતાઓ જેઓ સ્વર્ગમાં હોય તે ત્યાં નહિ રહેતાં નર્કમાં વાસ કરેછે, કારણ કે તેના પગ પૃથ્વીપર મૂકવા તે ગાયના શરીર ઉપર મૂકવા બરોબર છે.

શિક્ષા ૯૧ મી—હે અર્જુન ! જે મનુષ્ય રાત્રીનું વાસી રહેલું જળ બીજે દીવસે શ્રાદ્ધ કે તર્પણના ઉપયોગમાં લીએ તો તે લોહીમાં તર્પણ કર્યા બરોબર છે, વાસીજળે તર્પણ કર્યાથી માણસ ઘોર નર્કમાં જઈ લોહીના કુંડમાં વાસ કરે છે. માટે વાસીજળથી તર્પણ કોઇએ કરવું નહિ.

શિક્ષા ૯૨ મી—હે અર્જુન ! મનુષ્યોએ પોતાના હાથ, કાન, તથા ગળામાં સોનું પહેરવું એ મહાપવિત્રછે. કારણ કે જે જળ સોનાને અડીને આપણા શરીર ઉપર પડે છે તે જળને ગંગાનદીના જળ સમાન જાણવું.

શિક્ષા ૯૩ મી—હે અર્જુન ! જે મનુષ્ય ગંગા આદિતીર્થોમાં નાહ્યા પહેલાં પોતાનું ધોતીયું ધુવે તો તેને દોષ લાગે છે.

શિક્ષા ૯૪ મી—હે અર્જુન ! જે મનુષ્ય તીર્થ કરવા જાય તેણે પહેલાં સ્નાન કરીને તર્પણ કરવું, તર્પણ કરતી વખતે જો કાળ ક્ષેમનો વીચાર મનમાં આણે તો તર્પણ કર્યાનું ફળ પ્રાપ્ત થાયછે અને પીતૃદેવતાને તર્પણ પોહોચે છે.

શિક્ષા ૯૫ મી—હે અર્જુન ! તીર્થ કાંઠે જઇ જે માણસ બીમારીથી મૃત્યુ પામે તો તેને અરધ બાળી (દહન કરી) ક્ષેત્રમાં તીર્થવાળી નદીમાં) ફેંકી દીયે તો આ દોશથી અંતકાળ વખતે નર્કનો અધીકારી થાય અને જો તેવા શબને બરાબર દહન કરી (રાખ કરી) ને તેની રાખ ઉપર સાત દીવસ સુધી બરાબર બંદોબસ્ત સાથે ગાય શીવાય કૂતરા, બીલાડા, ગધેડા, આદી ચાર પગવાળા પશુ તેમજ સ્ત્રીનો પડછાયો પડવા નહી દીયે અને આઠમે દીવસે સ્નાન કરી તે રાખને ક્ષેત્ર (નદીમાં) પધરાવી અને ક્ષેત્રની માટીથી શબને બાળેલી જગો લીપી સાફ કરે તો જગતના સર્વ તીર્થો કર્યાનું ફળ તથા મોટા મોટા યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત થાય અને મરનાર વૈકુંઠવાસ પામે અને બાળનાર તથા તેની ક્રીયા કરનારને હમેશાં આશિશ આપે.

શિક્ષા ૯૬ મી—હે અર્જુન ! સુર્યનો પ્રકાશ (તડકો) હોય અને તેવામાં વરસાદ વરસતો હોય તેમાં જે કોઇ માણસ નાહાય તો તેને ગંગાસ્નાન કર્યા બરોબરતું ફળ મળેછે.

શિક્ષા ૯૭ મી—હે અર્જુન ! જે મનુષ્ય સૂર્ય અસ્ત વખતે અન્ન જળ લીયે, અથવા દીશાએ જાય તો તેને માહાદોશ લાગેછે, કારણ કે તે વખતે સૂર્ય અને દૈત્યોને યુદ્ધ થાય છે, વાસ્તે સૂર્યાસ્ત વખતે માણસોએ ઇશ્વરના ધ્યાન શિવાય બીજું કામ કરવું નહિ, અને જે આ વખતે સૂર્યને જળ અર્પણ કરે તે સૂર્યનારાયણના આશીરવચનથી હમેશાં સુખ પામે અને જે માણસ આ વખતે ખરાબ કામ કરે તે ઘણા વર્ષ સુધી દુ:ખી થઇ દરીદ્રી રહે. વળી આ પણ જાણવું જોઇએ કે સૂર્ય આથમ્યા પેહેલા ચાર ઘડી, અને અસ્ત થયા પછી રાત્રીની ચાર ઘડી સવારમાં સૂર્ય ઉદય થયા પેહેલાં ચાર ઘડી અને ઉદય પછીની ચાર ઘડી દીન ચડયા પછી જે માણસ બીછાનામાં સુઇ રહે તો તેને સૂર્યના શ્રાપે કરી મહાદોશ લાગેછે, અને જે માણસ આ બે વખતે પરમદયાળુ પરમેશ્વરના ધ્યાનમાં સ્થીર મન લગાડી વેદ પુરાણ આદીનો પાઠ કરે તો સર્વ કરેલા પાપોથી મુક્તિ પામી અંતે વૈકુંઠમાં વાસ પામે અને આ ભવમાં લક્ષ્મી તથા સંતાનનું ઘણું સુખ ભોગવે.

શિક્ષા ૯૮ મી—હે અર્જુન ! જે માણસ પાત્રવિના એક હાથમાં રોટલી રાખી બીજે હાથે ખાય તો તે થોડા વખતમાં દરીદ્રી થાયછે.

શિક્ષા ૯૯ મી—હે અર્જુન ! જે માણસ બીજાની ધન, સંતાન, આબરૂમાં જોર જુલમથી વિઘ્ન કરે તે આ લોકમાં નિર્ધન અને અંતકાળ પછી નર્કનો અધીકારી થાય અને આવતા જન્મમાં સંતાન વીનાનો રહે.

શિક્ષા ૧૦૦ મી—હે અર્જુન ! જે પુરૂષને પુત્ર નથી તે સંસારમાં પરમાત્માથી પણ સનમાન પામતો નથી અને અંતકાળે નર્કનો અધીકારી બીજા જન્મમાં પુત્ર વિનાનો રહેછે.

શિક્ષા ૧૦૧ મી—હે અર્જુન ! જે સ્ત્રી બાળકને જન્મ આપેછે

તે દીવસથી ૪૫ દીવસ સુધી તે સ્ત્રીના હાથનું જળ, તથા અન્ન ખ-વાય તો આ દોષથી પીતૃઓ સ્વર્ગમાં હોય તે નર્કમાં જઇ વાસ કરે આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે, હે દીનદયાળ! જે મનુષ્યના કુટું-બમાં તે સ્ત્રી શીવાય બીજું કોઇ પણ માણસ ન હોય અને નિર્ધન હોય તો તેણે શું કરવું, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે વધુમાં વધુ ૨૩ દીન અને ઓછામાં ઓછા ૧૩ મે દીવસે જો તે સ્ત્રી ગંગાજળથી સ્ના-ન કરી પોતાના ગજા પ્રમાણે પુણ્ય દાન કરે તો તેના હાથનું ભોજન ખાવાને દોષ નથી આ શિક્ષા સાંભળી અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને હાથ જોડી વિનંતી કરી કે હે ત્રીલોકીનાથ! અધમઓધારણ આ આજ્ઞા સાંભળી જેમ દીવો અંધારામાં ઉજાશ આપે છે, તેમ મારા મનમાં જ્ઞાનરૂપી દીવાથી અજવાળું થયું છે. વાસ્તે કૃપા કરી બીજી પણ આજ્ઞા કરો ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું કે તું મારો પરમભક્ત છો તેથી હું તને જે દેવતાઓ પણ જાણતા નથી તેવી આજ્ઞા કરૂંછું.

શિક્ષા ૧૦૨ મી—હે અર્જુન! જે માણસ પોતાના મનને પ્રસ-ન્ન રાખીને પુણ્ય દાન કરે છે તેને ઘણું ફળ મળે છે અને જે ક્રોધ લાવીને અથવા મન ઉદાશ રાખીને પૂણ્ય દાન કરે અને લેનારના મ-નને બહુ બળાપો કરાવે તેનું પુણ્ય નિષ્ફળ થવાથી મહાપાતકી થાયછે.

શિક્ષા ૧૦૩ જી—હે અર્જુન! જે માણસ પોતાના દીકરાને બી-જાને ખોળે સોંપે તો તે દીકરાના હાથનું જળ ખોળે સોંપનાર બાપને પોહોચતું નથી કદાચીત આપેલા છોકરાને પાછો લે તો તે છોકરો જુ-વાન થઇને મરી જાયછે અને તે ન મરે તો બીજો પુત્ર મરી જાયછે. અને આગલા જન્મમાં ધન સંતાનનું સુખ નહીં પામતાં નર્કમાં જઇ વાસ કરેછે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે, હે સચ્ચીદાનંદ પ્રભો! કોઇ માણસ આપેલા પુત્રને અજ્ઞાનથી પાછો લે તો તે આ પાપથી

કેવી રીતે છુટે. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું હે અર્જુન તે માણસ પોતાની સ્ત્રી, તથા તે પુત્ર સાથે ગંગા આદી તીર્થોમાં સ્નાન કરી, પીળી, લાલ, ધોળી, કાળી, અને મધુરી એ પાંચે રંગવાળી પાંચ ગાય દુધ આપતી હોય તેવી. તેની ખરીયો, તથા સીંગડાને સોનું મઢાવી પાંચ બ્રાહ્મણોને પાંચ ગાયોનું દાન કરે અને પરીબ્રહ્મ પરમેશ્વરની પાસે આ કરેલા પાપની માફી માગે તો આવા પાપથી છુટી પાછો લીધેલા દીકરાના હાથનું તર્પણ પોહોચે છે.

શિક્ષા ૧૦૪ થી—હે અર્જુન ! જે માણસ સંગ્રામમાં યુદ્ધ કરતી વખતે પોતાની પાસે રહેલા ધન અને બળના અહંકારના શબ્દો બોલી અને પોતાના વેરીને બુરાં વચનો, ગાળો દઇ સંતાપે તો આ પાપે કરી સંગ્રામમાં હાર પામી નિષ્ફળ થઇ નાશી જઈ નુકશાન ભોગવવું પડે.

શિક્ષા ૧૦૫ મી—હે અર્જુન ! યુદ્ધ કરતાં શત્રુ શરણે આવે અથવા બળહિણ થઇ હઠી જાય તો તેને મારવો ઉચીત નથી તે છતાં જો તેને મારે અથવા ઘાયલ કરે, તો તે પાપથી તેનો પુત્ર યુવા અવસ્થામાં થઇ મરી જાય તથા આગલા જન્મમાં તેની સ્ત્રી વાંઝણી રહે.

શિક્ષા ૧૦૬ ઠી—હે અર્જુન ! જે માણસ કાગળ અથવા લાકડાપર મનુષ્ય આદી જનાવરોનાં ચિત્ર બનાવે તો આ દોષને માટે આ જન્મમાં અથવા આગલા જન્મમાં ધન તથા સંતાનનું સુખ નહી પામતાં આંખથી આંધળો થાય કારણકે તે ચિત્ર નિર્જીવ છે પરંતુ ભગવાન આદી દેવતાના ચિત્રોની પ્રતિષ્ટા કરવાથી સંતાનનું સુખ મળેછે.

શિક્ષા ૧૦૭ મી—હે અર્જુન ! જે મનુષ્યના મોઢામાંથી બોલતાં બોલતાં થુંક બાહાર આવી બીજા માણુસના શરીર ઉપર પડે તો તેના દોષને લીધે આવતા જન્મમાં ડુકરને પેટ અવતાર લઇને અંતકાળે નર્કમાં જઇ વાસ કરેછે.

શિક્ષા ૧૦૮ મી—હે અર્જુન ! જે માણુસ પોતાના ધણીનો હુકમ નહિ માનતાં ઉન્મત્ત થઈ જ્યાં ત્યાં વગર કામે ઉભો રહે અને સ્વામી શું કહેછે તે બરાબર ધ્યાનમાં નહિ લીયે તો તેને હમેશા દુઃખની પ્રાપ્તી થાય અને નર્કમાં જઇ વાસ કરે. કારણ કે શ્વામીનો હુકમ ન માનવો એ સર્વથી મોટું પાપ છે આ સાંભળી અર્જુને પુછ્યું કે હે જીવનાથ જગત બધું ! કોઈ વખત સ્વામી શેવકથી થઇ ન શકે એવું કામ ફરમાવે તો તેમાંથી કેવી રીતે છૂટો થાય, ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે જે સેવકને કહેલી કઠણ ચાકરી બની ન શકે તેવી હોય તો શેવકે જે દીવસથી સ્વામીની આજ્ઞા લોપી હોય તેટલા દિવસનો પગાર નહીં લેવો આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે જગદીશ્વર ! જો કોઈ દીવસ શેવક સ્વામીની ચાકરી કરવામાં ભૂલ કરે અને નીર્ધન અવસ્થાને લીધે પગાર પાછો આપવાની શક્તી ન હોય તો કેવી રીતે આ પાપથી છૂટે ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું કે જે પગાર તેને મળતો હોય તેનો ચોથો હીસ્સો પૂણ્યદાનમાં વાપરે અને પરમ દયાળુ પરમેશ્વરની પાસે માફી માગે તો આવા પાપથી છુટી અંતે સૂખી થઈ સંતાનની વૃધ્ધિ પામે.

શિક્ષા ૧૦૯ મી—હે અરજુન ! જે માણુસ ધર્મશાળા હવેલી વગેરે જગ્યાઓ બંધાતી હોય અને તે પુરૂં થયું ન હોય તેની અંદર બેસીને ભોજન કરે તો તેનો દોષ છે. પરંતુ જ્યારે મુકામ બરાબર તૈયાર થાય ત્યારે પોતાની સ્ત્રી સહિત પ્રતીષ્ટા કરી પરિકૃમા કરે, અને બ્રાહ્મણુને મીઠાં ભોજન જમાડી; ગૌ આદી દાન કરી, પોતાના કુટુંબ સાથે ત્યાં ભોજન કરે, તો અશ્વમેધ યજ્ઞ કર્યાના ફળની બરોબરી કરનારૂં ફળ પ્રાપ્ત થાય, અને આવા સકર્મો કર્યાથી ધન, સંપતી વગેરેથી અત્યંત સૂખ ભોગવે.

શિક્ષા ૧૧૦ મી—હે અરજુન ! જે મનુષ્ય તીર્થસ્નાન તથા દર્શન યાત્રા કરવા જતાં રસ્તામાં કોઇની મિજબાની (ખુશીનું જમણ) જમવા રોકાય તો એ દોષથી આ જાત્રાનું ફળ નિષ્ફળ થઇ જેણે આપણને મીજબાની આપી હોય તેને પ્રાપ્ત થાયછે. ત્યારે અર્જુને પ્રશ્ન કર્યો કે હે ભગવંત ભક્તવત્સળ ! રસ્તામાં ભાઈ અથવા અંગના સગા તથા મીત્રની મીજબાની હોય ત્યાં રોકાયાવીના ન ચાલે તેવું હોય ત્યારે શું કરવું ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે જતી વેળા ન રોકાતાં આવતી વખતે મીજબાની લેવા રોકાય તો તેનો દોષ નથી. વળી તીર્થ તથા દેવસ્થાનની જગોમાં ભાઇ અથવા મીત્ર મીજબાની આપ્યાવીના ન જવાદે તો સ્નાનયાત્રાથી પરવારી ચાલતી વેળા તીર્થસ્નાનની સાતવાર પ્રદક્ષિણા કરી ચાલતી વખત મીજબાની લે અને પોતે તે મીજબાનીમાં જમે તેથી વીસ ગણું બ્રાહ્મણને જમાડે તો તેનો દોષ નહિ લાગતાં સ્નાનયાત્રા તથા તીર્થયાત્રા સફળ થાય.

શિક્ષા ૧૧૧ મી—હે અર્જુન ! જે માણસ પક્ષિના નાના બચ્ચાં તથા ઇંડાને અડે તથા બાહાર નાંખી દીયે તો આ પાપના દોષથી સદા દરીદ્રી રહી પોતાના જુવાન પુત્રને ગુમાવે એટલુંજ નહી પણ અંતસમયે નર્કનો અધિકારી થઇ આગલા જનમમાં સંતાનનું સુખ નહિ પામતાં દુઃખી રહે કારણ કે પક્ષી પોતાના બચ્ચાંને અડકતાં જુવે તો તે જોઇને ઉડી જાયછે અને પછી પોતાના બચ્ચાનું તે પક્ષી પાલન કરતું નથી તેથી તે ભૂખ અને તરશથી મરી જાયછે અથવા તરફડીયા મારી નીચે પડે તો બીલાડાં, કૂતરાં, વગેરે જનાવરો તેને મારી ખાઇ જાયછે માટે આ દોષ તે માણુસને માથે પડેછે.

શિક્ષા ૧૧૨ મી—હે અર્જુન ! માણુસોએ ગાયને દોતી વખતે તેનો વાળ દુધમાં ન પડે એવી કાળજી રાખવી કેમકે ગાયના વાળ તુટવાથી

આપણને દોષ લાગેછે. જે કોઇ માણસ દુધને ગળ્યાવીના ઉનું કરી પીએ તો તે માણસ દરીદ્રી થાયછે આ પાપને સર્વથી મોટું ગણેલું છે માટે માણસોએ દુધને ગાળી ઉનું કરી પીવું.

શિક્ષા ૧૧૩ મી—હે અર્જુન ! જે પુરૂષ અથવા સ્ત્રી છોકરાંને રડતાં મૂકી કુકર્મ કરવાને જાય અથવા છોકરાંને મારે તો બાળકના નિસાસાથી તે માણસ નર્કમાં જાય છે. અને આ સંસારમાં દુઃખી થઈ પુત્રવીનાનો રહે અને તેને પુત્ર થાય તો તે જુવાન થઇ મૃત્યુ પામે અથવા તો તેના પાપથી તેના પીતૃદેવ સ્વર્ગમાં વસતાં હોય તે નર્કમાં જઇ વાસ કરે.

શિક્ષા ૧૧૪ મી—હે અર્જુન ! જે મનુષ્ય સવારમાં પોતાનું મોઢું ધોયાવિના દુધ આદી કોઇપણ ચીજ ખાય તો તે આ જન્મમાં સુખ ન પામતાં દુઃખ ભોગવે.

શિક્ષા ૧૧૫ મી—હે અર્જુન ! જે માણસ વૃક્ષ ઉપરથી કાચાં ફળ તોડે છે, તે માહા દોષવાળો કહેવાય છે, જો આપણને ફળની અગત્ય હોય તો વૃક્ષઉપર ફળ બરાબર પાક ઉપર આવેથી તોડી ઉપયોગમાં લેવું.

શિક્ષા ૧૧૬ મી—હે અર્જુન ! જે માણસ પોતાના ચાકરનો પગાર અને પારકું ધન ડુબાડે તો તે આ લોકમાં જન્મભર દુખી થઇ પુત્રવિનાનો રહે અને પરલોકમાં સનમાન પામ્યાવિના નર્કમાં જઇ નિવાસ કરે અને જે તેના પીતૃદેવતાઓ સ્વર્ગમાં વાસ કરતા હોય તે નર્કમાં જઇ વાસ કરે.

શિક્ષા ૧૧૭ મી—હે અર્જુન ! જે મનુષ્ય દાનમાં આપવાની ચીજને પાત્રમાં મુકી તેજ પાત્ર હાથમાં લઇ સંકલ્પ કરતી વખતે જો બ્રાહ્મણ સ્વસ્તી એવો ઉચ્ચાર મુખમાંથી બોલી દે તો તે પાત્ર તથા

હાથ પણ સંકલ્પમાં આવી ગયા માટે તે પણ આપી દેવું જોઇએ પરંતુ શરીરમાંથી હાથ છૂટો કરીને અપાય નહી માટે હાથને બદલે સોનું, રૂપું તથા તાંબુ જે પોતાની શકતી પ્રમાણે તે ત્રણે ધાતુમાંથી ગમે તે ધાતુનો હાથ બનાવી બ્રાહ્મણને આપે નહિ ત્યાં સુધી તે હાથથી બ્રહ્મ ભોજન વગેરે સુકર્મ કામો કરવામાં આવે તેનું ફળ મળે નહિ. ત્યારે અર્જુને પ્રશ્ન કર્યો કે હે જદુનાથ ! તે માણસને ત્રણે ધાતુમાંથી એકે ધાતુનો હાથ બનાવી બ્રાહ્મણને આપવાની શકતી ન હોય તો તે કેવે પ્રકારે દોષથી મુક્ત થાય. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે બ્રાહ્મણને મન માનતી ચાદર (કપડું)શ્રદ્ધાથી આપે તો તે દોષનો નીવારણ થાય પણ તે ચાદર અસલ વિદ્વાન બ્રાહ્મણને આપે તોજ આ દોશથી છૂટો થાય નહિ તો તે દોશ માથે ચોંટયો રહે.

શિક્ષા ૧૧૮ મી—હે અર્જુન ! જે મનુષ્યની પરણેલી સ્ત્રી બાળગોપાળ મુકીને મરણ પામે તે મનુષ્યે બીજીવાર લગ્ન કરવું વાજબી નથી. કેમકે તે સ્ત્રી બાળગોપાળ ઉપર સ્નેહ રાખી શકતી નથી. તેથી તે દોષથી સ્ત્રી પુરૂષને નીચ યોનીમાં જન્મ લેવો પડેછે.

શિક્ષા ૧૧૯ મી—હે અર્જુન ! જે પુરૂષ અથવા સ્ત્રી જારકર્મ (વ્યભીચાર) કરે અથવા જુગટું રમે, તે આ સંસારમાં પૈસાથી સૂખ ભોગવે નહી તેમજ તેને કોઇ સાથે હેત પ્રીત ટકે નહી. અને અંતકાળ વખતે નર્કમાં જઇ અનેક તરેહનાં કષ્ટ ભોગવે માટે આવી તું ભૂલ કોઈ દીવસ કરતો નહી.

શિક્ષા ૧૨૦ મી—હે અર્જુન ! જે મનુષ્ય ભાટ ભાંડ અને લબાડ આ ત્રણ જાતમાંથી કોઇ પણ માણસને ઘોડો અથવા બીજું કાંઈ આપે તો ભાંડ આપનારની પુઠે અવગુણ ભરેલી નકલો અથવા તેની બુરાઈ ગાય અને મોંઢે ગુણ ગાય, ઉપલી જાતો લાજ કાજ, ગૃહખુલ્ધી

વિચાર એટલા વાનાથી રહિત કહેવાય છે તેથી કોઈ દાતાર પુરૂશ પૈસો આપે તો પછી આગલા જન્મમાં આપનાર માણસ ભાટ વગેરેને ઘેર જન્મ લે અને તે અંતકાળે ઘોર નર્કમાં જઇ વાસ કરે. આ સાંભળીને અર્જુને બે હાથ જોડી પોતાને માથે વીતેલી વાતનો અફસોસ કરી વીનંતી કરી ત્યારે ઘનસ્યામ શ્રીકૃષ્ણજીએ કહ્યું કે તારે ગયેલી વાતનો શોક ન કરવો અને હવે પછી આ મારી શિક્ષાઓ ધ્યાનમાં લઇને વર્તજે અને જે કોઇ માણસ આ શિક્ષા પ્રમાણે વર્તશે તેનું સદા ભલું થશે.

શિક્ષા ૧૨૧મી—હે અર્જુન! જે માણસ દિશાઓ અગર પીશાબ કરી આવીને પૂણ્ય અર્થે દાન કરે તેનું ફળ તેને પ્રાપ્ત નહી થાતાં તેનો નીવાસ નર્કમાં થાય.

શિક્ષા ૧૨૨ મી—હે અર્જુન ! જે મનુષ્ય ચોથે દીવસે વીશે આંગળાના નખ નહિ ઉતરાવતાં આળસથી રાખે અને સાતમે દીવસે હજામત ન કરાવે તે માણસ જેટલુ પૂણ્યદાન કરે તેનું ફળ મળે નહિ.

શિક્ષા ૧૨૩ મી—હે અર્જુન ! જે માણસનો ચૌદશ ને મંગળવારે અથવા અમાસ ને રવિવારે જન્મ થયો હોય તે તીથી અથવા તે વારે જો તે પોતાના નખ ઉતરાવે તો તે મહાપાતકી થાય અને તે દેવતાઓના શ્રાપથી સદા દરીદ્રી રહે ઉપરની તીથી વારના દેવતાઓ જુદા જાદા છે માટે તેઓની તે દીવસે પૂજા કરે તો આ સંસારમાં પરમ સુખની પ્રાપ્તી મળે અને અંતકાળ સમયે વૈકુંઠમાં જઈ વાસ કરે.

શિક્ષા ૧૨૪ મી—હે અર્જુન ! જે મનુષ્ય આજની કરેલી રોટલી બીજે દીવસે જમવાના ઉપયોગમાં લીયે તો તે માણસ સદા રોગવાળો રહે અને પોતાના પુત્ર પરીવારથી દુઃખ પામી અંતે નર્કમાં વાસ કરે કેમકે ટાઢુ ખાવાથી અન્નદેવ શ્રાપ આપે છે, તેથી આ સંસા-

રમાં સુખ નહી ભોગવતાં અનેક જાતની શરીરે વ્યાધીઓ થઇ આવી બુદ્ધીમાં ઘટારો તથા આળસ નીદ્રાનો વધારો થાય છે માટે કોઇ માણસોએ ટાઢુ અન્ન ન ખાતાં તાજુ હમેશાં ઉપયોગમાં લેવાથી ફાયદો છે પણ મોદાઇ અથવા પકવાન ખાય તો તેને દોષ લાગતો નથી.

શિક્ષા ૧૨૫ મી—હે અર્જુન ! જે મનુષ્ય પોતાના સ્વામીની શેવામાં હસમુખો તથા નીરલોભી રહે બીજું ચાકરના મનને દુઃખી ન કરે ત્રીજું કોઇના ઉપર ક્રોધ ન કરે તે આ લોકમાં તથા પરલોકમાં સુખ પામી અંતે વૈકુંઠધામમાં જઇ વાસ કરે.

શિક્ષા ૧૨૬ મી—હે અર્જુન ! શરણે આવેલા શત્રુને શસ્ત્ર વડે નહી હણતાં ઉપકાર વડેજ હણવામાં જે પુરૂષ મોટાઇ માને તે ધન્ય ગણાય છે. કદાચીત અજ્ઞાન પુરૂષ શસ્ત્ર વડે હણે છે તો હણનારો પુરૂષ સદગતી પામે છે પણ હણનારની ગતી થાતી નથી.

શિક્ષા ૧૨૭ મી—હે અર્જુન ! જે મનુષ્ય એક જગ્યા મુકીને બીજી જગ્યામાં રેહવા જાય છે, અને તે ખાલી કરેલી જગ્યાને ખરાબ હાલતમાં એટલે સાફસુફ કર્યા વગર રાખી જાય તો તે જગ્યાના શ્રાપથી ધન સંતાનનો નાશ થાયછે તેમાં કાંઇપણ સંદેહ સમજવો નહી માટે મનુષ્યે અવશ્ય જાણવું જોઇએ કે નવાને દેખીને જુનાને ભુલવું નહીં.

શિક્ષા ૧૨૮ મી—હે અર્જુન ! જે મનુષ્ય બીજાની આશા ઉપર આધાર રાખી બેશી રહે તેને મોટો દરીદ્ર જાણવો. કેમકે આપ સમાન બળ નહી, અને મેઘ સમાન જળ નહી, માટે મનુષ્યને ઉચીત છે કે અહોનીશ પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહી પોતાના પુરૂષાતનથી જે કાંઈ બને તે કરવું કેમકે એવો એકપણ પદાર્થ નથી કે તે મનુષ્યથી બની શકે નહી. પરંતુ ક્રીયાહીણ; અજ્ઞાન આળસુઓથી બને નહી તેને મનુષ્ય અવતારે પશુ સમાન સમજવો.

શિક્ષા ૧૨૯ મી—હે અર્જુન ! મોટાનાં મોટું તીર્થ માબાપની સેવા છે, પણ જો શકિત હોય તો બીજાં જે ૬૮ તીર્થો કહ્યાંછે તેમાંથી જે કોઇ બને તે કરવું પણ જો શકિત ના હોય તો ઘેર રહી માબાપની સેવા શુદ્ધ અંતઃકરણથી કરે તો તે બધાં તીર્થો કરતાં શ્રેષ્ટ છે.

શિક્ષા ૧૩૦ મી—હે અર્જુન ! જે મનુષ્ય પોતાને ઘેર આવેલા બ્રાહ્મણને બેસવાને આસન આપે નહીં તો તે ઘરધણીની સંપતાનો નાશ થઇ દરીદ્ર બને છે. કેમકે બ્રાહ્મણોની ગુદાએ દરિદ્રનો વાસો હોય છે અને તેથી આસન ન આપતાં ખાલી જમીનપર ઘરમાં બેસાડે તો તે દરીદ્ર ઘરમાં રહે છે, પણ જો આસન આપ્યું હોય તો દરીદ્ર બ્રાહ્મણની ગુદાએજ રહે છે.

अथ मणिरत्नमाला प्रारंभ.

प्रश्नोत्तर गुरु शिष्यनो संवाद.

अपारसंसारसमुद्रमध्येनिमज्यतोमेशरणंकिमस्ति ॥
गुरुकृपालोकृपयावदेतद्विश्वेशपादांबुजदीर्घनौका ॥ १ ॥

ગુરૂને શિષ્ય પુછેછે જે સંસારરૂપી સમુદ્ર અપાર છે તેમાં હું બુડુંછું તેથી કોને શરણ જાઉં ? ત્યારે ગુરૂએ કહ્યું કે જે કૃપાવાન ગુરૂ ને વિશ્વના ઈશ્વર તેના ચરણરૂપી નાવને શરણ જા. ૧

बंद्धोहिकोयोविषयानुरागीकोवाविमुक्तोविषयेविरक्तः ॥
कोवास्तिघोरोनरकःस्वदेहस्तृष्णाक्षयःस्वर्गपदंकिमस्ति ॥२॥

શિષ્ય—બંધ કિયો ? ગુરૂ—વિષયમાં પ્રિતી તે.
શિષ્ય—મુક્ત કોણ ? ગુરૂ—વિષયને ત્યાગી તે.
શિષ્ય—ઘોરનર્ક કીયું ? ગુરૂ—પોતાને દેહ તે.
શિષ્ય—સ્વર્ગ કીયું ? ગુરૂ—તૃષ્ણાનો ત્યાગ તે. ૨

संसारहृत्कस्तुनिजात्मबोधःकोमोक्षहेतुःप्रथितःसएव ॥
द्वारांकिमेकंनरकस्यनारिकास्वर्गदाप्राणभृतामहिंसा ॥ ३ ॥

શિષ્ય—સંસારને કોણ જીતે ?
ગુરૂ—પોતાના આત્માનો બોધ તે.
શિષ્ય—મોક્ષનો હેતુ કોણ ?
ગુરૂ—જે બોધ અંતરમાં પ્રસરે તે.
શિષ્ય—નર્કનું એક બારણું કિયું ? ગુરૂ—નારી.
શિષ્ય—સ્વર્ગનો દાતા કોણ ?
ગુરૂ—જેને હિંસા વાહાલી નહીં તે. ૩

शेतेसुखंकस्तुसमाधिनिष्ठोजागर्त्तिकोवासदसद्विवेकी ॥
केशत्रवःसंतिनिजेंद्रियाणितान्येवमित्राणिजितानिकानि ॥४॥

શિષ્ય—સુખે સુતો તે કોણ ? ગુરૂ—જે સમાધીવાળો તે.
શિષ્ય—જાગ્યો તે કોણ ? ગુરૂ—સત્ય અસત્યનો વિવેક કરનારો.
શિષ્ય—શત્રૂ કોણ ?
ગુરૂ—પોતાની ઇંદ્રીયો તેજ, અને જીતાય તો મિત્ર. ૪

कोवादरिद्रोहिविशालतृष्णःश्रीमांश्चकोयस्यसमस्तितोषः ॥
जिवन्मृतःकस्तुनिरुद्यमोयःकोवामृतास्यात्सुखदानिराशा ॥५॥

શિષ્ય—દરિદ્રી તે કોણ ? ગુરૂ—જેને વિશાળ તૃષ્ણા તે.
શિષ્ય—શ્રીમંત તે કોણ ? ગુરૂ—જે સર્વ વસ્તુનો સંતોષી તે.

શિષ્ય—જીવતો મુઓ તે કોણ? ગુરૂ—જેને ઉદ્યમ નહિ તે.
શિષ્ય—અમૃત સરખું શું?
ગુરૂ—સુખ દેનારી કોઇની આશા ન રાખી તે. ૫

पाशोहिकोयोममताभिधानःसमोहयत्येवसुरेवकास्त्रि ॥
कोवामदांधोमदनातुरोयोमृत्युश्चकोवायशःसस्वकीयम् ॥६॥

શિષ્ય—પાસ જે બંધ તે કિયો?
ગુરૂ—જેના અંતરમાં અભિમાન તે.
શિષ્ય—કેફના સરખી મોહનીજ કરનાર કોઇ? ગુરૂ—સ્ત્રી.
શિષ્ય—મોટો આંધળો કિયો? ગુરૂ—કામાતુર તે.
શિષ્ય—મૃત્યુ કિયો? ગુરૂ—પોતાનું અપવશ થયું તે. ૬

कोवागुरुर्योहिहितोपदेष्टाशिष्यस्तुकोयोगुरोभक्तएव ॥
कोदीर्घरोगोभवएवसाधोकिमौषधंतस्यविचारएव ॥ ७ ॥

શિષ્ય—ગુરૂ કિયો? ગુરૂ—હિતનો ઉપદેશ કરે તે.
શિષ્ય—શિષ્ય કિયો? ગુરૂ—ગુરૂની સેવા કરે તે.
શિષ્ય—મોટો રોગ કિયો? ગુરૂ—સંસાર.
શિષ્ય—તેનું ઓસડ શું? ગુરૂ—વિચાર.

किंभूषणाद्भूषणमस्तिशीलंतीर्थंपरंकिंस्वमनोविशुद्धं ॥
किमत्रहेयंकनकंचकांताश्राव्यंसदाकिंगुरुवेदवाक्यम् ॥८॥

શિષ્ય—ઘરેણું કિયું? ગુરૂ—શિલ રૂપીયું તે.
શિષ્ય—તિર્થ મોટું કિયું? ગુરૂ—પોતાનું મન શુદ્ધ તે.
શિષ્ય—તજવું શું? ગુરૂ—કનક તથા કાંતા.
શિષ્ય—સાંભળવું શું? ગુરૂ—ગુરૂનાં તથા વેદનાં વાક્ય.

केहेतवोब्रह्मगतेस्तुसंतिसत्संगतिर्दानविचारतोषा ॥
केसंतीसंतोखिलवितरागाअपास्तमोहाःशिवतत्वनिष्ठा ॥९॥

શિષ્ય—બ્રહ્મગતીનું હેતુ કોણ ?
ગુરૂ—સત્સંગતિ, દયા, સુવિચાર, અને સંતોષ એ ચાર.
શિષ્ય—સંત કોણ ?
ગુરૂ—સારી પેઠે વૈરાગ છે તથા મોહ પણ ગયો છે તે. શિવતત્વ-
ને જાણે તે.

कोवाज्वरःप्राणभृतांहिचिंतामूर्खोस्तिकोयस्तुविवेकहीनः ॥
कार्याप्रियाकाशिवविष्णुभक्तिःकिंजीवनंदोषविवर्जितंयत् ॥

શિષ્ય—જીવ લેનારો તાવ કિયો ? ગુરૂ—ચિંતા.
શિષ્ય—મુરખ કોણ ? ગુરૂ—અવિવેકી.
શિષ્ય—શું કામ કરવું ? ગુરૂ—શિવવિશ્નુની ભક્તિ કરવી.
શિષ્ય—નિર્વાહને માટે શુ કરવું ? ગુરૂ-પાપ રહિત કામ કરવું.

विद्याहिकाब्रह्मगतिप्रदायाबोधोस्तिकोयस्तुविमुक्तिहेतुः ॥
कोलाभआत्मावगमोहियोवैजितंजगत्केनमनोहियेन ॥११॥

શિષ્ય—વિદ્યા કેઇ ? ગુરૂ—બ્રહ્મગતિની આપનારી.
શિષ્ય—બોધ કિયો ? ગુરૂ—મુક્તિનો હેતુ તે.
શિષ્ય—લાભ કિયો ? ગુરૂ—આત્માને જાણે તે.
શિષ્ય—જગત કોણે જીત્યું ? ગુરૂ—જેણે મન જીત્યું તેણે.

शूरान्महाशूरतमोस्तिकोवामनोजबाणैर्व्यथितोनयस्तु ॥
प्राज्ञोतिधीरश्चसमस्तिकोवाप्राप्तोनमोहंललनाकटाक्षैः ॥१२॥

શિષ્ય—શુરામાં શુરો કિયો ? ગુરૂ—જેણે કામ જીત્યો તે.
શિષ્ય—ધિરજવાળો તથા બુદ્ધિમાન કિયો ?
ગુરૂ—જે સ્ત્રિનાં નેત્રચપળતાથી મોહ ન પામ્યો તે. ૧૨

त्विषाहिषांकिंविषयाःसमस्तादुःखीसदाकोविषयानुरागी ॥
धन्योस्तिकोयस्तुपरोपकारीकःपूजनीयोननुतत्वनिष्ठः ॥१३॥

શિષ્ય—વિષમાં વિષ કિયું ? ગુરૂ—સમસ્ત વિષય છે તે.
શિષ્ય—દુખીઓ કોણ ? ગુરૂ—વિષયમાં હેત રાખેછે તે.
શિષ્ય—ધન્ય કોને ? ગુરૂ—પરોપકારીને.
શિષ્ય—પૂજવા યોગ્ય કોણ ? ગુરૂ—આત્માતત્વ જાણનારો તે.

सर्वास्ववस्थास्वपिकिंनकार्यंकिंवाविधेयंविदुषांप्रयत्नात् ॥
स्नेहश्चपापंपठनंचधर्मःसंसारमूलंहिकिमस्तिचिंता ॥ १४ ॥

શિષ્ય—સર્વદા કિયુ કામ ન કરવું, તથા પંડિતે શી મેહેનત કરવી?
ગુરૂ—સર્વદા પાપ તથા સ્નેહ ન કરવો, અને પંડિતે તે ભણવું તથા ધર્મ કરવો.
શિષ્ય—સંસારનું મુળ કિયું ? ગુરૂ—ચિંતા.

विज्ञान्महाविज्ञतमोस्तिकोवानार्यापिशाच्यानचवंचीतोयः ॥
काशृंखळाप्राणभृतांचनारीदिव्यंव्रतांकिंचानिरस्तदैन्यं ॥१५॥

શિષ્ય—મોટું વિજ્ઞાન કયું ? ગુરૂ—પિશાચીણી સ્ત્રીએ ન ઠગ્યો તે.
શિષ્ય—હેડ તથા બેડી કેઇ ? ગુરૂ—નારી.
શિષ્ય—ચોખું વ્રત કિયું ? ગુરૂ—કપટ વિનાની ગરીબાઇ.

ज्ञातुंनशक्यंहिकिमस्तिसर्वैर्योषिन्मनोयच्चरितंतदीयं ॥
कादुस्त्यजासर्वजनैर्दुराशाविद्याविहिनःपशुरस्तिकोवा ॥१६॥

શિષ્ય—જ્ઞાનીને સર્વથી ન જણાય તે શું ? ગુરૂ—સ્ત્રીના મનની વાત.
શિષ્ય—સર્વથી ન તજાય તે શું ? ગુરૂ—ખોટી ઇચ્છા.
શિષ્ય—મુર્ખ કોણ ? ગુરૂ—વિદ્યા વિનાનો તે.

वासोनसंगःसहकैर्विषयोमुर्खैश्चपापैश्चखलैश्चनीचैः ॥
मुमुक्षुणांकिंचरितंविधेयंसत्संगतिर्निर्ममतेशभक्तिः ॥१७॥

શિષ્ય—જ્ઞાની થવું હોય તો કિયે ઠામ ન રેહેવું તથા કોનો સંગ ન કરવો?
ગુરૂ—જ્યાં સતસંગ ન હોય ત્યાં, અને મુર્ખનો, પાપીનો, ખળનો તથા નિચનો સંગ ન કરવો.
શિષ્ય—જ્ઞાની થવું હોય તેણે કેઇ ચાલે ચાલવું ?
ગુરૂ—સત્સંગતિથી પરમેશ્વરની નિર્મમતા ભકિત કરવી.

लघुत्वमूलंचकिमर्थितैवगुरुत्ववीजंपदयाचनंकिम् ॥
जातोस्तिकोयस्यपुनर्नजन्मकोवामृतोयस्यपुनर्नमृत्युः ॥१८॥

શિષ્ય—નાનો થવાનું મુળ શું? ગુરૂ—જાચના કરવી તે.
શિષ્ય—મોટો શાથી થાય? ગુરૂ—ઇશ્વરપદ જાચે તેથી.
શિષ્ય—જન્મ્યો કોણ? ગુરૂ—જેને ફરી જન્મ નથી તે.
શિષ્ય—મુવો કોણ? ગુરૂ—જેને ફરીને મરવું નહી તે.

मूकोस्तिकोवाबधिरश्चकोवायुक्तंनवक्तुंसमयेसमर्थः ॥
तथ्यंसुपथ्यंनश्रृण्योतिवाक्यंविश्वासपात्रंनाकिमस्तिनारी ॥१९॥

શિષ્ય—મુગો કોણ અને બેહેરો કોણ ?
ગુરૂ—જેવું જોઇએ તેવું ન બોલાય તે, અને ઔષધ જેવાં ગુરૂનાં વચન ન સાંભળે તે.
શિષ્ય—વિશ્વાસ કોનો ન કરવો? ગુરૂ—સ્ત્રીનો.

तत्त्वंकिमेकंशिवमद्वितीयंकिमुत्तमंसच्चरितंयदस्ति ॥
किंकर्मकृत्वानचशोचनीयःकामारिकंसारिसमर्चनाख्यं ॥२०॥

શિષ્ય—એક તત્વ કિયું? ગુરૂ—અદ્વૈત શિવ તે.

શિષ્ય—ઉત્તમ તે શું ? ગુરૂ—રૂડાં આચરણ.

શિષ્ય—કિયું કામ કરવું કે જેથી શોક ન થાય ?

ગુરૂ—કાંમના વેરી શિવ, અને કંસના વેરી કૃષ્ણ એઓને સમભાવે પુજવા.

शत्रोर्महाशत्रुनरोस्तिकोवाकामःसकोपानृतलोभतृष्णः ॥
नपूर्यतेकोविषयैःसएवकिंदुःखमूळंममताभिधानः ॥ २१ ॥

શિષ્ય—શત્રુથી મોટો શત્રુ કીયો ?

ગુરૂ—કાંમ, ક્રોધ, અસત્ય, લોભ, અને તૃષ્ણા, એ પાંચ.

શિષ્ય—કેવારે ન પુરાય તે શું ? ગુરૂ—વિષય.

શિષ્ય—દુઃખનું મુળ કીયું ? ગુરૂ—મમતા ભરાએલા તે.

किंमंडनंसाक्षरनाम्नमस्यसत्यंचकिंभूतहितंसदेव ॥
त्यक्त्वासुखंकिंस्त्रियमेवसम्यक्देयंपरंकित्वभयंसदेव ॥२२॥

શિષ્ય—મુખની શોભા શી ? ગુરૂ—ઇશ્વર સબંધી બોલ તે.

શિષ્ય—સત્ય કીયું ? ગુરૂ—સર્વ ભુતનું હીત કરવું.

શિષ્ય—શું તજે સુખ થાય ? ગુરૂ—સ્ત્રી સર્વ પ્રકારે તજેથી.

શિષ્ય—આપવું શું ? ગુરૂ—અભયદાન.

कस्यास्तिनाशेमनसोहिमोक्षःकसर्वथानास्तिभयंविमुक्तेः ॥
शल्यंपरंकिंनिजमूर्खतैवकेकेह्युपास्यागुरवश्चवृद्धा ॥ २३ ॥

શિષ્ય—શું મુવે મોક્ષ થાય ? ગુરૂ—મન.

શિષ્ય—સર્વ ભય ક્યારે જાય ? ગુરૂ—મુક્તિનો સિદ્ધાંત થાય ત્યારે.

શિષ્ય—પરમ શલ્પ કીયું ? ગુરૂ—પોતાની મુર્ખતા તે.

શિષ્ય—કોની સેવા કરવી ? ગુરૂ—વૃદ્ધ ગુરૂની.

उपस्थितेप्राणहरेकृतांतेकिमाशुकार्यंसुधियाप्रयत्नात् ॥
वाक्कायचित्तैःसुखदंयमघ्नंमुरारिपादांबुजमेवचित्यं ॥ २४ ॥

શિષ્ય—મરતી વખતે શું કરવું ?

ગુરૂ—મન, વાણી, કાયાથી ઇશ્વર સંભારવા.

केदस्यवःसंतिकुवासनाख्याःकःशोभतेयःसदसिप्रविद्यः ॥
शांतेवकायासुखदासुविद्याकिंमेधतेदानवशात्सुविद्या ॥२५॥

શિ—સંતને ચોર કોણ ? ગુરૂ—કુવાસના.

શિ—સભામાં કોણ શોભે ? ગુ—જે બ્રહ્મવિદ્યાવાળો તે.

શિ—સાંન્તીનું સૂખ કોણ આપે ? ગુરૂ—સુવિદ્યા.

શિ—શું આપેથી વધે ? ગુરૂ—બ્રહ્મવિદ્યા.

कुतोहिभीतिःसततंविधेयालोकापवादाद्भवकाननाच्च ॥
कोवास्तिबंधुःपितरौचकौवाविपत्सहायःपरिपाळकौयौ ॥२६॥

શિ—સંતને શાથી બીહીવું ?

ગુરૂ—લોકની નીંદાથી તથા સંસારરૂપી વાડીનો રખે મોહલાગે તેથી.

શિ—ભાઈ તે કોણ ? તથા માતા પીતા તે કોણ ?

ગુરૂ—વિપત્તે સહાય કરે તે ભાઇ. અને પરિપાલ કરે તે માતા પિતા.

बुध्वानबुद्धंपरिशिष्यतेकिंशिवंप्रशांतंसुखबोधरूपं ॥
ज्ञातेतुकस्मिन्विदितंजगत्स्यात्सर्वात्मकेब्रह्मणिपूर्णरूपे ॥

શિ—બુદ્ધિથી બોધ ન થાય એવી શી વસ્તુ છે ?

ગુરૂ—જે સચ્ચિદાનંદ રૂપ શિવ.

શિ—શું જાણ્યાથી સર્વે જગત જણાય ?

ગુરૂ—સર્વ આત્મક એવું જે પુર્ણ રૂપ એવું જે પરબ્રહ્મ તે જાણે સર્વ જાણ્યું.

किंदुर्लभंसद्गुरुरस्तिलोकेसत्संगतिब्रह्मविचारणाच ॥
त्यागोहिसर्वस्यनिजात्मबोधःकोदुर्जयःसर्वजनैर्मनोजः ॥२८॥

શિ—ત્રણ લોકમાં શું દુર્લભ ?
ગુરૂ—સદ્ગુરૂ, સત્સંગત અને બ્રહ્મ વિચાર.
શિ—સર્વનો ત્યાગ કયારે થાય ?
ગુરૂ—જ્યારે શિવ આત્મબોધ થાય ત્યારે.
શિ—સરવથી ન જીતાય તે શું ?
ગુરૂ—કામ (વીષય) ને જીતાતો નથી.

पशोःपशुःकोनकरोतिधर्ममधीतशास्त्रोऽपिनचात्मबोधः ॥
किंतद्विषंभातिसुधोपमंस्त्रीकेशत्रवोमित्रवदात्मजाद्याः ॥२९॥

શિ—પશુનો પશુ કોયો ?
ગુરૂ—વેદશાસ્ત્ર ભણ્યો પણ આત્મબોધ ન થાય તે.
શિ—અમૃત સરખુ લાગે છે પણ ઝેર છે તે શું ? ગુરૂ—સ્ત્રી.
શિ—શત્રૂ છે પણ મીત્ર સરખાં લાગે છે તે શું ?
ગુરૂ—પોતાનાં છોકરાં આદિ લઈને.

विद्युच्चलंकिंधनयौवनायुर्दानंपरंकिंचसुपात्रदत्तं ॥
कंठंगतैरप्यसुभिर्नकार्यंकिंवाविधेयंमलिनंशिवार्चा ॥३०॥

શિ—વીજળીની પેઠે થાતું ને તરત ફીટી જાય તે શું ?
ગુરૂ—ધન, જોબન, અને આયુષ.
શિ—મોટુ દાન કીયું ? ગુરૂ—સુપાત્રને આપવું તે.

શિ—કંઠે પ્રાણ આવ્યો હોય તોય શું ન કરવું ?
ગુરૂ—ખોટું કામ.
શિ—કંઠે પ્રાણ આવ્યો હોય તો પણ શું કરવું ?
ગુરૂ—શિવ પુજા કરવી.

किंकर्मयत्प्रीतिकरंमुरारेःक्वास्थानकार्यासततंभवाब्धौ ॥
अहर्निशंकिंपरिचिंतनीयंसंसारमिथ्यात्वशिवात्मतत्वं ॥३१॥

શિષ્ય—કર્મ તે કીયું? ગુરૂ—ભગવાન સાથે પ્રીતી થાય તે કર્મ.
શિષ્ય—નીરંતર આસ્થા કયાં ન કરવી? ગુરૂ—સંસારરૂપી સમુદ્રમાં.
શિષ્ય—રાત દિવસ શું ચીતવવું?
ગુરૂ—સંસારનું મિથ્યાપણુ તે, શિવાત્મા તત્વ.

कंठंगतावाश्रवणंगतावाप्रश्नोत्तराख्यामणिरत्नमाळा ॥
तनोतुमोदंविदुषांप्रयत्नात्रमेशगौरीशपदौसुसेव्यो ॥ ३२ ॥

આ ગ્રંથની ફળશ્રુતી જે કોઇ એ ગ્રંથ પાઠ કરે અથવા કોઇ સાંભળે અથવા કોઈ સંભળાવે, ને પ્રશ્નોત્તર વાખ્યાઓનું નામ એવી એ મણિરત્નમાળા છે તે આનંદને આપે ને હમેશ જે વીષ્ણુ ને ગૌરીશ જે શિવ તેના ચરણની શેવા કરવી એ સારૂં છે ॥૩૨॥

॥ इतिश्रीतुलसीदासकृत मणिरत्नमाळासंपूर्णम् ॥

અથ ચરપટપંજરિકા લિખ્યતે.

શ્રીગણેશાયનમઃ ભજગોવિંદંભજગોવિંદંભજગોવિંદંમૂઢમતે ॥ પ્રાપ્તે સન્નિહિતેમરણેનહિનહિરક્ષતિડુકૃંકરણે ॥ ૧ ॥ ॥ ભજગોવિંદં ॥ બાલસ્તાવત્ક્રિડાશક્તસ્તરૂણસ્તાવત્તરૂણીરક્તઃ ॥ વૃદ્ધસ્તાવચ્ચિંતામગ્નઃપરેબ્રહ્મણિકોપિનલગ્નઃ ॥ ૨ ॥ ભજગોવિંદં ॥ અંગંગલિતંમુંડંદશનવિહિનંજાતંતુંડં ॥ બાહ્યોયાતિગૃહિત્વાદંડંતદપિનમુંચત્યાશાપિંડં ॥ ૩ ॥ ભજગોવિંદં ॥ પુનરપિજનનંપુનરપિમરણંપુનરપિજનનીજઠરેશયનં ॥ ઇહસંસારેખલુદુસ્તારેકૃપયાપારેપાહિમુરારે ॥ ૪ ॥ ભજગોવિંદં ॥ દિનમપિરજનીસાયંપ્રાતઃશિશિરવસંતૌપુનરાયાતઃ ॥ કાલઃક્રીડતિગચ્છત્યાયુસ્તદપિનમુંચત્યાશાવાયુઃ ॥ ૫ ॥ ॥ ભજગોવિંદં ॥ ॥ જટિલોમુંડિતલુંચિતકેશઃકાષાયાંબરબહુધૃતવેષઃ ॥ પશ્યન્નપિનચપશ્યતિલોકઉદયાનમિતંબહુકૃતશોકઃ ॥ ૬ ॥ ભજગોવિંદં ॥ વયસિગતેકઃ કામવિકારઃ શુષ્કેનિરેકઃકાસારઃ ॥ ક્ષીણેવિતેકઃપરિવારોજ્ઞાતેતત્વેકઃ સંસારઃ ॥ ૭ ॥ ભજગોવિંદં ॥ અગ્રેવન્હિઃ પૃષ્ટેભાનુરાત્રૌચુબુકસમર્પિતજાનુઃ ॥ કરતલભિક્ષાતરૂતલવાસસ્તદપિનમુંચત્યાશાપાશં ॥ ૮ ॥ ભજગોવિંદ ॥ યાવદ્વિત્તોપાર્જનસક્તસ્તાવન્નિજપરિવારોરક્ત ॥ પશ્ચાજ્જર્જરિભૂતેદેહેવાર્તાંકોપિનપૃચ્છતિગેહે ॥ ૯ ॥ ભજગોવિંદં ॥ રથ્યાકર્પટવિરચિતકંથાઃ પુણ્યાપુણ્યવિવર્જિતપંથાઃ ॥ નત્વંનાહંનાયંલોકસ્તદપિકિમર્થંક્રિયતેશોકઃ ॥ ૧૦ ॥ ભજગોવિંદં નારીસ્તનભરજઘનનિવેશંદષ્ટ્વામાયામોહાવેશમ્ ॥ એતન્માંસવસાદિવિકારંમનસિવિચારયવારંવારં ॥ ૧૧ ભજગોવિંદં ॥ ગેયંગીતાનામસહસ્ત્રંધ્યેયંશ્રીપતિરૂપમજસ્ત્રંનેયંસજ્જનસંગેચિત્તંદેયંદીનજનાયચવિત્તં ॥ ૧૨ ॥ ભજગોવિંદં ॥ ભગવદ્ગીતાકિંચિદધીતાગંગાજલલવકણિકાપિતા ॥ યેનાકારિમુરારેરર્ચાતસ્યયમઃ કિંકુરૂતેચર્ચાં ॥ ૧૩ ॥ ભજગોવિંદં ॥ કોહંકસ્ત્વંકુતઆયાતઃકામેજનનીકોમે

તાત ॥ ઈતિપરિભાવયસર્વાસારંસર્વંત્યક્ત્વાસમવિચાર ॥ ૧૪ ॥ ભજગો- વિંદં કાતેકાંતાકસ્તેપુત્રઃસંસારોયમતીવવિચિત્રઃ ॥ કસ્યત્વંકઃકુતઆયાતસ્ત ત્વંચિંતયમનાવિશ્રાંતઃ ॥ ૧૫ ॥ ભજગોવિંદં ॥ સુરતટિનીતરૂમૂલનિવા સઃશય્યાભૂતલમજિનંવાસઃ ॥ સર્વપરિગ્રહભોગત્યાગઃકસ્યસુખંનકરોતિવિ- રાગ ॥ ૬ ॥ ભજગોવિંદં ॥

અથ નર્મદાષ્ટક.

શ્રીગણેશાયનમઃ ॥ ॥ સબિંદુસિંધુસુસ્ખલત્તરંગભંગરંજિતં દ્વિષત્સુપાપજાતજાતકારિવારિસંયુતમ ॥ કૃતાંતદૂતકાલભૂતભીતિહારિવર્મદે- ત્વદીયપાદપંકજંનમામિદેવિનર્મદે ॥ ૧ ॥ ત્વદંબુલીનદીનમીનદિવ્યસંપ્રદાયકં કલૌમલૌઘભારહારિસર્વતીર્થનાયકમ્ ॥ સુમચ્છકચ્છનક્રચક્રચક્રવાકશર્મદેત્વ દીયપાદ૦ ॥ ૨ ॥ મહાગભીરનીરપૂરપાપધૂતભૂતલંધ્વનત્સમસ્તપાતકારિ દારિતાપદાચલમ્ ॥ જગલ્લયેમહાભયેમૃકંડસૂનુહર્મ્યદેત્વદીયપાદ૦ ॥ ૩ ॥ ગતંતદૈવમેભયંત્વદંબુવીક્ષિતંયદામૃકંડસૂનુશૌનકાસુરારિસેવિસર્વદા ॥ પુનર્ભ- વાબ્ધિજન્મજંભવાબ્ધિદુઃખવર્મદેત્વદી૦ ॥ ૪ ॥ અલક્ષલક્ષકિન્નરામરા સુરાદિપૂજિતંસુલક્ષનીરતીરધીરપક્ષિલક્ષકૂજિતમ્ ॥ વશિષ્ઠશિષ્ટપિપ્પલાદિ કર્દમાદિશર્મદેત્વદીયપા૦ ॥ ૫ ॥ સનત્કુમારનાચિકેતકશ્યપાત્રિષટ્પદૈર્ધૃતં સ્વકીયમાનસેષુનારદાદિષટ્પદૈઃ ॥ રવીંદુરંતિદેવદેવરાજકર્મશર્મદેત્વદીયપાદ ॥ ૬ ॥ લક્ષલક્ષલક્ષપાપલક્ષસારસાયુધંતતસ્તુજીવજંતુતંતુભુક્તિમુક્તિદાય- કમ્ ॥ વિરિંચિવિષ્ણુશંકરસ્વકીયધામવર્મદેત્વદીયપાદ૦ ॥ ૭ ॥ અહો મૃતંસ્વનંશ્રુતંમહેશકેશજાતટેકિરાતસૂતવાડવેષુપંડિતેશઠેનટે ॥ દુરંતપાપતાપ હારિસર્વજંતુશર્મદેત્વદીયપા૦ ॥ ૮ ॥ ઇદંતુનર્મદાષ્ટકંત્રિકાલમેવયેસદાપઠંતિ

તેનિરંતરંનયાંતિદુર્ગતિંકદા ॥ સુલભ્યદેહદુર્લભંગહેસધામગૌખમ્ પુનર્ભવા-નરાનવૈવિલોકયંતિરૌરવમ્ ॥ ૯ ॥ ઇતિશ્રીમચ્છંકરાચાર્યપરિવ્રાજકાચાર્યવિ-રચિતમ્નર્મદાષ્ટકસ્તોત્રંસંપૂર્ણ ॥ ॥ શ્રીનર્મદાર્પણુગસ્તુ ॥

અથકુંડળીયા.

બૈરી બંધુઆ બાંનીઆ જવારી ચોર લબાર, વ્યભીચારી રોગી રણી નગર નારી કૌંયાર, નગર નારી કૌંયાર ભુલ પરતીત ન કીજૈ, સો સો સોંહૈ ન ખાયચીત્ત એકો નહી દીજેં, કહે ગીરધર કવીરાય ધરૈઆવૈં આનધેરૈં, હીતકી કહૈં બનાય જાંનીયેં પુરો બૈરે. ૧ બીના બીચારે જો કરૈ સો પાછૈ પછીતાય કામ બીગારૈ આપનૈ જગમેં હોત હસાય, જગમેં હોત હસાય ચીત્તમેં ચૈન ન પાવૈં, ખાંન પાંન સન્માન રાગ રંગ મનહીન આવૈં, કહ૦ દુઃખ કછુ ટરત ન ટારૈં, ખટક તહૈ જીયમાંહીં કીગો જો બીન બીચારે. ૨ બનીયા બેશ્યા એકસે તામેં ફેર ન જાંન, રસઇ રસ બતરા તહૈ ધન મન તનસોં આંન, ધન મન તનસો આંન બાત હીતહીંકી ભાંખે, નીર્ધની યયન પેહેચાંન ધરી એકો નહી રાખે. કહે૦ સુનોરે સબરે દુનીયાં, ગતલબહીંકે યાર હોત બેશ્યા ઓર બનીઆ. ૩ પ્રીત જુ કીજે ચતુરસોં જીન્હેં પ્રીતકી લાજ, સો બોજન જલમેં રહે પથરી તજે ન આગ, પથરી તજે ન આગ ચતુરકી પ્રીત જુ એસી, ટુટે શો શો બાર ફેર જેસીકી તેસી. કહે૦ ચતુરસો કીજે કાજા, જે ટુટેગી પ્રીત બહુરી આવેગી લાજા. ૪ બીતી તાહી બીસાર દે આગેકી સુધી લે, જો બની આવૈં સહજમેં તાહીમેં ચીતદે; તાહીમેં ચીતદે બાત જોઇ બની આવૈં, દુર્જન હસે ન કોય ચીતમેં ખેદ ન પાવૈં. કહે૦ યહૈં કર ગનપર તીતી, આ-ગૈં કૌં સુખ હોય સમુઝ બીતી સો બીતી. ૫

સમાપ્ત.

જાહેર ખબર.

આ પુસ્તક તથા બીજી દરેક જાતનાં પુસ્તકો તથા
મોંઢ બ્રાહ્મણ તથા મોઢ વાણિયાનું ધર્માખ્યાન
બીજા દફાત્રામાં બહાર પડશે જેઓને
ગ્રાહક થવાની ગરજ હોય તે
ઓએ નીચેને શીરનામે
લખી જણાવવું.

જવાડી. માધવજી પ્રેમજી.

ઠે. અમદાવાદ મધ્યે શાહપૂરમાં વસતા મેહેતાજીની પોળમાં